સુવિચાર

ધર્મ તો આ બે હાથ જ નક્કી કરી લે છે,
હાથ જોડાઇ જાય તો પૂજા કહેવાય છે, અને
ખુલી જાય તો દુઆ કહેવાય છે..

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



ચોરીના ગુન્હામાં સીકલીગર ગેંગના બે શખ્સો પાસામાં જામનગર-પોરબંદર જેલમાં ધકેલાયા P-4

Year-16, Issue-75 ■ DATE : 04-07-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રાષ્ટ્ર વિરોધી વીડિયો કે પોસ્ટ શેર કરનારની હવે ખેર નથી

## કેન્દ્રીય ગૃહ મંત્રાલયએ આ માટે નવી પોલિસી ઘડવા કવાયત આરંભી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકાર સોશિયલ મીડિયા પર દેશ વિરુદ્ધ નફરત ફેલાવનારાઓ પર સકંજો કસાશે. સોશિયલ મીડિયા પર રાષ્ટ્ર વિરોધી વીડિયો કે પોસ્ટ શેર કરનારા લોકોની હવે બચી શકશે નહીં. અહેવાલો અનુસાર, કેન્દ્રીય ગૃહ મંત્રાલય આ માટે નવી પોલિસી લાવવાની તૈયારી કરી રહ્યું છે. રાષ્ટ્ર વિરોધી કાર્ય કરનારા હેન્ડલ્સને બ્લોક કરવામાં આવશે અને તેમની સામે કડક કાર્યવાહી થશે.

સૂત્રોના જણાવ્યાનુસાર, ઘણી વેબસાઈટ્સ પર દેશ વિરુદ્ધ સામગ્રી પણ અપલોડ કરવામાં આવે છે. આવું કરનારા લોકો સામે હવે કાર્યવાહી થશે. ગુપ્તચર એજન્સીઓના ઉચ્ચ અધિકારીઓએ ગૃહ મંત્રાલયની સંસદીય સમિતિને આ અંગે માહિતી આપી હતી.

સોશિયલ મીડિયા પર રાષ્ટ્રવિરોધી લોકો પર નજર રાખવા માટે એક ખાસ ટીમ બનાવવામાં આવશે. આવા લોકોની ઓળખ કરવામાં આવશે અને તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ખાલિસ્તાની ગુરપતવંત સિંહ પન્નુ સહિત ઘણાં રાષ્ટ્રવિરોધી લોકો સોશિયલ મીડિયા પર સક્રિય છે અને તેઓ નફરત ફેલાવી રહ્યા છે. નવી નવી પોલિસી આવ્યા પછી, આવા લોકો પર કાબુ મેળવી શકાય છે.


અમેરિકન સરકાર અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સાથે પણ વાતચીત થઈ રહી છે. કેન્દ્ર સરકાર ઈચ્છે છે કે સોશિયલ મીડિયા કંપનીઓ પણ તેમના સ્તરે દેખરેખ રાખે કે તેમના પ્લેટફોર્મ પર ભારત વિરોધી તત્વો અપલોડ ન થાય. CBI, NIA, રાજ્ય પોલીસ અને આંતરિક સુરક્ષા સાથે સંબંધિત અન્ય એજન્સીઓ ભારત વિરોધી તત્ત્વોના પ્રયાસોને રોકવા માટે એક વ્યૂહરચના પર કામ કરી રહી છે, જેનો અમલ ટૂંક સમયમાં થઈ શકે છે.

પહેલગામમાં થયેલા આતંકી હુમલા અને ત્યારબાદ ઓપરેશન સિંદૂર દરમિયાન સોશિયલ મીડિયા પર ઘણી રાષ્ટ્રવિરોધી પોસ્ટ શેર કરવામાં આવી હતી. દેશ વિરોધી લોકો સોશિયલ મીડિયા પર મોટી સંખ્યામાં સક્રિય છે. હવે તેમના પર લગામ લગાવવામાં આવશે.

## વડોદરામાં એક જ દિવસમાં બે સ્કૂલને બોમ્બથી ઉડાવવાની ધમકી

**મુખ્ય સમાચાર, વડોદરા**

વડોદરામાં એક જ દિવસમાં બીજી એક સ્કૂલને પણ બોમ્બની ધમકી મળતા દોડધામ મચી હતી. પોલીસ અને બોમ્બ સ્કવોડની ટીમ બનાવના સ્થળે તપાસ કરી રહ્યા છે. વડોદરામાં એક પછી એક સ્કૂલોને બોમ્બની ધમકી મળી રહી છે પરંતુ પોલીસ હજી ધમકીભર્યા ઇ-મેલ કરનાર સુધી પહોંચી શકી નથી. સમા વિસ્તારની નવરચના તેમજ ગુજરાત રિફાઈનરી સ્કૂલને ધમકી મળ્યા બાદ આજે સવારે હરણી મોટનાથ રોડ પર આવેલી સિગ્નસ ઈન્ટરનેશનલ સ્કૂલમાં



આરડીએક્સ મૂક્યો છે અને ગમે ત્યારે બ્લાસ્ટ થશે તેવી ધમકી મળી હતી. જેથી સ્કૂલ છોડી દેવામાં આવી હતી અને તપાસ કરતાં કંઈ હાથ લાગ્યું ન હતું.

આ દરમિયાનમાં દિવાળીપુરા વિસ્તારની ડી.આર.અમીન સ્કૂલને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો મેલ મળતા તાત્કાલિક શિક્ષણકાર્ય બંધ કરવામાં આવ્યું હતું. વાલીઓ પણ મોટી સંખ્યામાં સ્કૂલે આવી જતા ભયનો માહોલ સર્જાયો હતો. ઉચ્ચ પોલીસ અધિકારીઓ કાફલા સાથે સ્કૂલમાં દોડી ગયા હતા અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડની મદદ લઈ તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે ગત અઠવાડિયે ચેન્નાઈની આઈટી એન્જિનિયર જોશીલ્ડાની ધમકીભર્યા ઈમેલ મોકલવાને લઇને ધરપકડ કરાઇ હતી. તેમછતાં ધમકીભર્યા ઈમેલ સિલસિલો યથાવત જોવા મળી રહ્યો હતો.

## ભાજપ પહેલીવાર કોઈ મહિલાને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવી શકે છે?: ૩ નામ રેસમાં

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

૨૦૨૪ની લોકસભા ચૂંટણી પછી, પાર્ટીના નવા રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગીને લઈને ચાલી રહેલા ખેંચતાણ વચ્ચે, સૂત્રો પાસેથી એવા સમાચાર છે કે ભાજપ પહેલીવાર કોઈ મહિલાને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવી શકે છે. આનું કારણ એ છે કે ભાજપ તાજેતરના વર્ષોમાં મહિલા મતદારોને આકર્ષવામાં સફળ રહી છે. આ સફળતા ખાસ કરીને ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, હરિયાણા અને દિલ્હી જેવા રાજ્યોમાં પ્રાપ્ત થઈ છે.

જેપી નડ્ડાનો કાર્યકાળ જાન્યુઆરી ૨૦૨૩ માં સમાપ્ત થઈ ગયો હતો, પરંતુ પાર્ટીએ તેમને જૂન ૨૦૨૪ સુધીનો કાર્યકાળ આપ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, ત્રણ અગ્રણી મહિલા નેતાઓના નામ ચર્ચામાં છે.



વર્તમાન નાણામંત્રી અને ભૂતપૂર્વ સંરક્ષણમંત્રી નિર્મલા સીતારમણને પક્ષ સંગઠનમાં ઊંડા પ્રવેશ અને કેન્દ્ર સરકારમાં લાંબા અનુભવને કારણે સૌથી મજબૂત દાવેદાર માનવામાં આવે છે.

આંધ્ર પ્રદેશ ભાજપના ભૂતપૂર્વ પ્રમુખ ડી. પુરંદેશ્વરી ખૂબ જ અનુભવી અને બહુભાષી નેતા છે. ઘણા રાજકીય પક્ષો સાથે કામ કરવાનો અનુભવ ધરાવે છે અને પક્ષમાં તેમની વ્યાપક સ્વીકળતિ છે. તેમને ઓપરેશન સિંદૂર જેવા આંતરરાષ્ટ્રીય રાજદ્વારી કામગીરીનો પણ ભાગ બનાવવ-ામાં આવ્યો હતો.

તો તમિલનાડુના કોઈમ્બતુર દક્ષિણ બેઠકના ધારાસભ્ય અને ભાજપ મહિલા મોરચાના ભૂતપૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ વનથી શ્રીનિવાસન ૧૯૯૩માં ભાજપમાં જોડાયા હતા અને સંગઠનમાં ઘણા હોદ્દા સંભાળ્યા છે. ૨૦૨૨ માં, તે કેન્દ્રીય ચૂંટણી સમિતિના સભ્ય બન્યા અને આમ કરનાર પ્રથમ તમિલ મહિલા નેતા બન્યા.

સૂત્રો કહે છે કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એ પણ આ વિચારને ટેકો આપ્યો છે.

## જનરલ મુનીર બાદ પાક. હવાઈ દળના વડા અમેરિકા પહોંચતા અનેક તર્કવિતર્ક

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હાલમાં જ પાકિસ્તાનના સૈન્ય વડા અને ખુદને ફિલ્ડમાર્શલ જાહેર કરનાર જનરલ મુનીરને લંચ પર ખાસ આમંત્રણ આપ્યા બાદ હવે પાકિસ્તાનના હવાઈદળના વડા પણ અમેરિકા પહોંચ્યા છે અને તેઓ અમેરિકામાં પેન્ટાગોનના ઉચ્ચ અધિકારીઓ સાથે અનેક બેઠકો યોજશે તેવા સંકેત છે.



જનરલ મુનીર અને ડોનાલ્ડ ટ્રમ્પે સાથે લંચ લીધા બાદ અમેરિકાએ જે રીતે ઈરાન પર હુમલો કર્યો હતો તેમાં પાકિસ્તાનના એરસ્પેસનો પણ ઉપયોગ થયો હતો તે સમયે પાકિસ્તાન હવાઇ દળના વડા એર ચીફ માર્શલ ઝહીર અહમદ બાબર સિંધુ પેન્ટાગોનમાં ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠકો યોજી રહ્યા છે. તેમાં બંને દેશો વચ્ચે કોઇ મોટો વ્યુહ રચાઇ રહ્યા હોવાના સંકેત છે. બે દિવસ પહેલા પાક. એરમાર્શલ અમેરિકા પહોંચ્યા હતા અને ખાસ કરીને જે રીતે લાંબા સમય બાદ અમેરિકા અને પાકિસ્તાનના સંબંધમાં ઉષ્મા આવી છે તેમજ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પાકિસ્તાનને ખાસ ટ્રીટમેન્ટ કરવામાં આવી રહી છે. તે સંદર્ભમાં આ મુલાકાત મહત્વની બની જાય છે. બંને દેશો વચ્ચેના લશ્કરી સંબંધોમાં થનારા ફેરફાર એ ભારત માટે એક પડકાર બની શકે છે.

## તાલિબાનની સરકારને રશિયાએ ડિપ્લોમેટીક માન્યતા આપી

**મુખ્ય સમાચાર, મોસ્કો**

બહુ ઝડપથી બદલાઇ રહેલા જિયો પોલીટીકલ વાતાવરણ વચ્ચે એક સમયે સોવિયેટ સંઘ કે જેનો રશિયા એક ભાગ હતું તેના દ્વારા અફઘાનિસ્તાન પર કબ્જા માટે હુમલો કરાયો હતો અને તેના પગલે તાલિબાનનું સર્જન થયું હતું. તે તાલિબાનની સરકારને આજે રશિયાએ ડિપ્લોમેટીક માન્યતા આપીને એક મોટો ઇતિહાસ રચ્યો છે.

અફઘાનિસ્તાનની તાલિબાન સરકારને આ રીતે માન્યતા આપનાર રશિયા પ્રથમ દેશ છે. અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી આમિર ખાન મુત્તાકીએ રશિયાના પગલે અત્યંત હિંમતભર્યું ગણાવ્યું હતું. તેઓ કાબુલમાં રશિયાના રાજદુત ડીમીટ્રી ઝીરનોવને મળ્યા હતા અને



રશિયન સરકારના નિર્ણય બદલ આભાર માન્યો હતો.

તાલિબાનની સરકાર ઇસ્લામીક અમીરાત ઓફ અફઘાનિસ્તાન તરીકે ઓળખાય છે અને અત્યાર સુધીમાં દુનિયાના કોઇપણ દેશે તાલિબાનની આ સરકારને માન્યતા આપી નથી. પરંતુ રશિયાના પગલે હવે અન્ય દેશો પણ તાલિબાન સરકારને માન્યતા આપશે. રશિયન વિદેશ મંત્રાલયના એક વિધાનમાં જણાવાયું છે કે અમે માનીએ છીએ કે ઇસ્લામિક અમીરાત ઓફ અફઘાનિસ્તાન અને રશિયાના સંબંધોને વધુ મજબુત બનાવવા માટે આ કદમ જરૂરી છે. રશિયાએ સમયે નિર્ણય લીધો છે કે તાલિબાનમાં હજુ સ્થાનિક શાસન દ્વારા દેશમાં માનવ અધિકાર કે અન્ય કોઇ સ્વતંત્રતા અંગે પારદર્શકતા લાવવામાં આવી નથી.

હાલમાં તાલિબાન સરકારે મીડિયા ઉપર પણ આકરા પ્રતિબંધ લાગુ કર્યા છે અને તેમાં વિદેશી મીડિયાનો સમાવેશ કર્યો છે. ૨૦૨૧માં અમેરિકાની વિદાય બાદ કાબુલ ઉપર તાલિબાનનો પૂર્ણ કબ્જો થઇ ગયો છે પરંતુ દેશના અનેક વિસ્તારોમાં હજુ અલગ અલગ જુથો પોતાનું સમાંતર સામ્રાજય ચલાવે છે.

તાલિબાન દ્વારા પોતાના દુતાવાસ ખોલવામાં પણ અનેક દેશોને વિનંતી કરાઇ છે પરંતુ તેને માન્ય રખાઇ નથી.

## હિમાચલ પ્રદેશમાં વરસાદે સર્જયો હાહાકાર: ૩૭ના મોત

**મુખ્ય સમાચાર, મંડી**

છેલ્લા ઘણા વર્ષોથી ચોમાસા દરમિયાન ઉત્તર ભારતના પર્વતીય રાજ્ય હિમાચલ પ્રદેશમાં પૂરને કારણે તારાજી સર્જાઈ છે. આ વર્ષે પણ સતત પડી રહેલા વરસાદને કારણે નદીઓ ગાંડીતુર બની છે અને કિનારા તોડીને વહી રહી છે, આ ઉપરાંત ઠેરઠેર ભૂસ્ખલનને કારણે પણ ભારે નુકશાન થયું છે. અહેવાલ મુજબ રાજ્યમાં ૩૭ લોકોના મોત થયા છે અને રાજ્યમાં વ્યાપક વિનાશ સર્જાયો છે. હિમાચલ પ્રદેશ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીના જણાવ્યા અનુસાર, ૪૦૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિને નુકસાન થયું છે, અને બચાવ કામગીરી ચાલી રહી છે, મળત્યુઆંક વધવાની શકયતા છે.

ભારતીય હવામાન વિભાગ એ ૭ જુલાઈ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. કેટલાક પ્રદેશોમાં ભારે વરસાદ પાડવાની શકયતા છે.



ભારે વરસાદને કારણે હિમાચલ પ્રદેશના મંડી જિલ્લાને સૌથી વધુ અસર પહોંચી છે. મંડીના થુનાગ સબડિવિઝનમાં વિનાશ સર્જાયો છે, જ્યાં રોડ-રસ્તા ધોવાઈ ગયા છે, અને વીજળી અને પાણીના પુરવઠા જેવી જીવનજ રૂરીયાત સર્વિસ ખોરવાઈ ગઈ છે.

સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીના વરિષ્ઠ અધિકારીએ એક પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, અમારી સિસ્ટમમાં નોંધાયેલા મુજબ અત્યાર સુધીમાં રૂ.૪૦૦ કરોડથી વધુનું નુકસાન થયું છે. પરંતુ વાસ્તવિક નુકસાન ઘણું વધારે હોવાની શકયતા છે. હાલમાં અમારું પ્રાથમિક ધ્યાન સર્ચ, રેસ્કયુ અને રિસ્ટોરેશન પર છે.

અધિકારીઓને જણાવ્યા મુજબ મંડીમાં એક ગામ સંપૂર્ણ રીતે નાશ પામ્યું છે. રાજ્યમાં મળત્યુ આંક વધે એવી શકયતા છે, કેમ કે માત્ર મંડીમાં જ ૪૦ લોકો ગુમ થયાના અહેવાલ છે. હજારો લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. અસરગ્રસ્તો માટે રાહત શિબિરો શરુ કરવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં ભારતીય વાયુસેના દ્વારા હવાઈ માર્ગે ફૂડ પેકેટ મોકલવામાં આવી રહ્યા છે.

સતત ધોધમાર વરસાદને કારણે શિમલામાં પણ સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. શાળાઓને ભારે અસર થઈ છે, વર્ગખંડો પાણીમાં ડૂબી ગયા છે.


રાજ્યભરમાં, ૨૫૦ થી વધુ રસ્તાઓ બ્લોક થઇ ગયા છે, ૫૦૦ થી વધુ વીજળી ટ્રાન્સફોર્મર સર્વિસ બંધ છે, અને પીવાના પાણીની લગભગ ૭૦૦ યોજનાઓને અસર થઈ છે. સ્થાનિક વહીવટીતંત્ર, પોલીસ, હોમગાર્ડ્સ, અને સહિત કેન્દ્રીય દળોની ટીમો સાથે મળીને સર્ચ એન્ડ રેસ્કયુ ઓપરેશન ચલાવી રહી છે. આગામી દિવસોમાં રાજ્યમાં વધુ વરસાદ પડવાની શકયતા હોવાથી અધિકારીઓ હાઈ એલર્ટ પર છે અને પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે.

## ડોનાલ્ડ ટ્રમ્પના વન બીગ-બ્યુટીફુલ બીલને અમેરિકી સંસદની મંજૂરી

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

દુનિયાભરમાં ટેરીફ વોરથી અમેરિકાને ફરી મહાન બનાવવાનો દાવો કરી રહેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ માટે ૨ એપ્રિલના ટેરીફ લીબ્રેશન ડે એ આજે રંગ લાવ્યો હોય તેવા સંકેત છે. લાંબા સમયના વિવાદ અને ચર્ચા બાદ ગઇકાલે મોડી રાત્રે અમેરિકી સંસદના હાઉસ ઓફ રીપ્રેઝન્ટેટીવ એટલે કે પ્રતિનિધિ સભા દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પના વન બીગ-બ્યુટીફુલ બીલને મંજૂરી આપવામાં આવી છે.

આજે તા. ૪ના અમેરિકા તેનો સ્વતંત્રતા દિન મનાવશે તે સમયે ટ્રમ્પ માટે આ સંસદનો વિજય મહત્વપૂર્ણ બની ગયો છે. અગાઉ સેનેટ દ્વારા પણ ફકત એક મતની બહુમતીથી વન બીગ-બ્યુટીફુલ બીલને મંજુરી આપવામાં આવી હતી અને હવે અમેરિકી સંસદના નીચલા ગૃહે ૨૧૮ વિરૂધ્ધ ૨૧૪ આ પ્રસ્તાવને પસાર કરાવીને હવે અમેરિકામાં મહત્વપૂર્ણ રીતે ટ્રમ્પ પોતાની લાંબા સમયના



આયોજનને આગળ વધારશે તેમ માનવામાં આવે છે.

૩.૪ ટ્રીલીયન ડોલરનું આ ફિશકલ પેકેજમાં વેરામાં ઘટાડો આ ઉપરાંત અનેક કાર્યક્રમોમાં સરકારી ખર્ચામાં મર્યાદા સહિતના પગલાઓ લેવામાં આવશે. લગભગ આઠ કલાકની ચર્ચામાં ડેમોક્રેટીક નેતા હેકમેન જેફરીએ પોતાન રેકોર્ડબ્રેક ભાષણમાં બીલનો વિરોધ કર્યો હતો. જયારે રીપબ્લીકન પક્ષે પૂરી રીતે આ બીલને સમર્થન કર્યુ હતું. ૯૦૦ પાનાનો આ ખરડો એ સંસદમાં મંજૂર થતા જ હવે તે કાનુન બની જશે.

ખાસ કરીને અમેરિકાના સૌથી જાણીતા સામાજીક સુરક્ષાના આયોજનો પર તેની અસર થશે અને પુરી રાષ્ટ્રીય ટેકસ પોલીસી પણ બદલાઇ જશે આ ઉપરાંત અમેરિકામાં આગામી સમયમાં જે રીતે સરકારી દેવાની લીમીટ છે તેને વધારવામાં આવી છે. આ બીલમાં સૈન્ય બજેટ સંરક્ષણ તથા ઉર્જા ઉત્પાદન માટે વધારાના ખર્ચ કાપ જેવી જોગવાઇઓ આગામી દિવસોમાં અમેરિકી સામાજિક સ્થિતિ પર મોટી અસર કરે તેવી ધારણા છે.

આ ઉપરાંત આ બીલના આધારે ગેરકાયદેસર ઈમીગ્રેન્ટને દેશ નિકાલ કરવા માટે ખર્ચ વધારવાની પણ જોગવાઇ છે જયારે શિક્ષણ અને આરોગ્યના ખર્ચને પણ અસર થશે. ટ્રમ્પે પોતે આ ખરડો પસાર થવા પર પોસ્ટ લખીને જે રીતે રીપબ્લીકન પક્ષ તેની સાથે રહ્યો તે માટે આભાર માન્યો હતો અને કહ્યું હતું કે ભુતકાળમાં ન હતા તેવા આદેશ સૌ એકસાથે છીએ.

ટ્રમ્પે આ સંદર્ભમાં વ્હાઇટ હાઉસમાં ઉજવણીની જાહેરાત પણ કરી હતી અને કહ્યું હતું કે અમેરિકી સમય મુજબ તા.૪ના ૪ વાગ્યે સેલીબ્રેશન શરૂ થશે અને ઉમેર્યુ કે અમેરિકા ફરી એક વખત વધુ સમૃધ્ધ, વધુ સલામત અને વધુ શ્રેષ્ઠ બનશે.

## ચોટીલાના ખેરડી ગામે એસએમસી ત્રાટકી: નાની મોલડીના નામચીન બુટલેગરનો ૧.૧૯ કરોડનો દારૂ જબ્બે

### સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી એસએમસીએ રેડ કરી રૂ.૧.૨૬ કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો: દસથી વધુ શખ્સો ફરાર




**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાતમ-આઠમના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે ગુજરાતમાં મોટા ગજાના બુટલેગરો ભારે સક્રિય બન્યા છે અને ગુજરાત બહારથી દારૂનો જથ્થો મંગાવવાનું શરૂ કર્યુ હોવાની બાતમીના આધારે ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે પણ બાતમી દારોનું નેટવર્ક કામે લગાડી દીધુ હોય તેમ ગત રાત્રીના ચોટીલાની સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી ખેરડી ગામે નાગરાજ હોટલ સામે એસએમસીની ટીમે દરોડો પાડી નાની મોલડી ગામના નામચીન બુટલેગર દિલીપ બાઉકુ ધાંધલે મંગાવેલો રૂ.૧.૧૯ કરોડનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લેતા દારૂના ધંધાર્થીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

આ અંગેની માહિતી મુજબ સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમના કે.ટી.કામડીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એસ.વી.ગરચર અને તેમની ટીમ રાજકોટ અમદાવાદ હાઇવે પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે ચોટીલા તાલુકાના ખેરડી ગામે નાગરાજ હોટલ સામે ખુલ્લા પ્લોટમાં નાની મોલડી ગામના નામચીન બુટલેગર દિલીપ બાઉકુ ધાંધલે દારૂનો મોટો જથ્થો ઉતાર્યો હોવાની હકિકત મળતા એસએમસીની ટીમે દરોડો પાડતા દારૂનું કટીંગ કરતા શખ્સોમાં નાસભાગ મચી ગઇ હતી. પોલીસે ખુલ્લા પ્લોટમાં ૮૫૯૬ બોટલ દારૂનો જથ્થો કિંમત રૂ.૧.૧૯ કરોડ અને મહિન્દ્રા પીકઅપ વાન સહિત કુલ રૂ.૧.૨૬ કરોડોનો મુદ્દામાલ કબ્જે કરી નંબર જીજે૧૩એડબલ્યુ૬૪૪૭નો ચાલક તથા તેનો માલીક અને નામચીન બુટલેગર દિલીપ બાઉકુ ધાંધલના નાસી ગયેલા છ માણસો સહિત દસ શખ્સો સામે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરાવમાં આવી છે.

## એશિયા કપ હોકી ટુર્નામેન્ટ રમવા પાકિસ્તાનની ટીમ ભારત આવશે

### ઓપરેશન સિંદુર બાદ બંને દેશો વચ્ચેના વધુ તંગ બનેલા સંબંધોમાં નવો વળાંક

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પહેલગામ એટેક તથા ઓપરેશન સિંદૂર બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે સંબંધોમાં તણાવ વધ્યો હતો અને રમત ગમત સહિત અનેક ક્ષેત્રે પ્રતિબંધ મુકાયો હતો.

હવે ૨૭ ઑગસ્ટ થી ૭ સપ્ટેમ્બર સુધી બિહારમાં યોજાતી એશિયા કપ હોકી ટુર્નામેન્ટ માટે પાકિસ્તાન ટીમ ભારત આવશે. અમે ભારતમાં બહુરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેતી કોઈપણ ટીમની વિરુદ્ધ નથી. પરંતુ દ્વિપક્ષીય બાબત અલગ છે,''

સ્પોટ્ર્સ મંત્રાલય તરફથી સૂત્રોને ટાંકીને ઈન્ડિયા ટુડેએ જણાવ્યું. આંતરરાષ્ટ્રીય રમતો માટે જરૂરી છે કે આપણે સ્પર્ધા કરવાથી પાછળ ન



હટી શકીએ. રશિયા અને યુક્રેન યુદ્ધમાં છે પરંતુ તેઓ બહુરાષ્ટ્રીય કાર્યક્રમોમાં દેખાય છે, તેમણે ઉમેર્યું.રમાશે જેની યજમાની ભારત કરવાનું છે અને હાલ તે ટુર્નામેન્ટ દુબઈમાં યોજાઈ તેવી શક્યતા છે. આ ટુર્નામેન્ટમાં ભારત ઉપરાંત પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ, વગેરે જેવી ટીમ રમશે. ત્યારે શું તે ટુર્નામેન્ટ પણ ભારતમાં રમાશે તે પ્રશ્ન પર મંત્રાલયે જણાવ્યું કે હજુ સુધી ભારતીય ક્રિકેટ બોર્ડ દ્વારા તેનો સંપર્ક નથી કરાયો, તેથી તે કંઈ કહી શકે નહીં.

# ફકત ૪ ઈંચ વરસાદથી રાજકોટ પાણી... પાણી...










તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઘૂંટણસમા પાણી ભરાતા લોકો હેરાનગુરુવારે સવારથી બફારાનું વાતાવરણ રહ્યા બાદ બપોરે ૧ વાગ્યાથી મેઘરાજાએ પધરામણી કરી હતી અને ૪ ઈંચ વરસાદ વરસતા લોકોએ પણ વરસાદમાં ભીંજાવાની મજા લીધી હતી. પાણી ભરાઈ જતાં વાહનચાલકો અને પગપાળા જતાં લોકોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. રાજકોટના કેકેવી ચોકથી બિગબજાર તરફ જતા રસ્તામાં ધોધમાર વરસાદને કારણે જોખમી રીતે વરસાદી પાણી ભરાઈ ગયા હતા. જેને કારણે ત્યાં અનેક સ્કૂટરો, બાળકોને શાળાએથી ઘરે લઈ જતી સ્કૂલ વાન, ગાડીઓ ફસાયા હતા. રાજકોટમાં બપોરના સમયે ધોધમાર વરસાદ વરસતા લોકોને ગરમીમાં રાહત મળી હતી. ભૂલકાંઓ વરસાદમાં નહાવાની મજા માણતા જોવા મળ્યા હતા.

ગઇકાલે બપોરે એક વાગ્યે વરસાદનું જોર વધતા માધાપર ચોકડીથી કેકેવી હોલ, ગોંડલ રોડ ચોકડી સુધીના બીઆરટીએસ રૂટના અનેક સર્કલ આજુબાજુ પાણી ભરાઈ ગયા હતા. ફરી માત્ર બે ઈંચ વરસાદમાં રાજકોટની હાલત કેવી થઈ જાય છે તેનો અંદાજ કોર્પો.ના સતાધીશોને સીસીટીવીમાંથી આવી ગયો હતો.

સામાન્ય વરસાદમાં પણ જયાં પાણી ભરાઈ જાય છે તે પોપટપરા નાલામાં ફરી બપોરે પાણી ફરી વળ્યા હતા. અહીંનો રસ્તો બંધ થઈ જતા વાહનો ફસાયા હતા. આ સહિતના ઘણા ભાગોમાં અને નીચાણવાળા વિસ્તારમાં ઘરમાં પાણી ઘુસી ગયાના દ્રશ્યો સર્જાયા હતા જેનાથી ભરબપોરે અનેક પરિવારો હેરાન થઈ ગયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે ગઇકાલ સુધીનાં મોસમનો કુલ વરસાદનાં આંકડા જોતા સેન્ટ્રલ ઝોન ૩૮૭ મી.મી. (૧૫ ઈંચ), ઈસ્ટ ઝોન ૨૮૫ મી.મી. (૧૧ ઈંચ) અને વેસ્ટ ઝોન ૪૦૯ મી.મી. (૧૬ ઈંચ) વરસાદ નોંધાયો છે. ચાલુ સીઝનનો સૌથી વધુ નવા રાજકોટમાં વરસાદ વરસ્યો છે.

આજે હવામાં ૧૦૦ ટકા ભેજ સાથે મેઘાવી માહોલમાં બપોર બાદ ધોધમાર વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. મોડી સાંજ રાત સુધી અમુક સ્થળોએ હળવા ભારે ઝાપટા વરસે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે.

## જામનગર સેવક ધુણીયા ગામે વીજળી પડતા ૨ શ્રમિકના મોત, ૨ દાઝ્યાં

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, લાલપુર તાલુકાના સેવક ધુણિયા ગામમાં વરસાદી વીજળીએ બે માનવ જિંદગીનો ભીગ લીધો છે. નદી કાંઠે કપડાં ધોઇ રહેલા ચાર પરપ્રાંતીય શ્રમિકો પર એકાએક પ્રચંડ કડાકા સાથે આકાશી વીજળી ત્રાટકી હતી. જેમાં બે શ્રમિકોના ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યા હતા. અન્ય બે મજુરોને બેશુધ્ધ હાલતમાં સારવાર માટે જામનગરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવની જાણ થતાં લાલપુર મામલતદારની ટીમ તથા પોલીસ ટુકડી બનાવના સ્થળે દોડી ગઈ હતી અને જરૂરી પંચનામા સહિતની તપાસ-કાર્યવાહી કરી હતી.આ અરેરાટીજનક બનાવની વિગત એવી છે કે, લાલપુર તાલુકાના સેવક ધૂણીયા ગામમાં રહીને ખેતમજૂરી કામ કરતા મધ્યપ્રદેશના વતની એવા ચાર શ્રમિકો પૈકી કરણ જ્ઞાનસિંગ ડાવર (૩૦ વર્ષ) તેમજ ભુરસિંગ વાસકેલા (૩૫ વર્ષ) કે જેઓ સેવક ધુણિયા ગામની નદીના કાંઠે ચાલુ વરસાદે કપડા ધોઇ રહ્યા હતા, તે દરમિયાન બપોરે ૨.૦૦ વાગ્યાના અરસામાં તેઓ ઉપર એકાએક વરસાદી વીજળી પડવાના કારણે ઘટનાસ્થળે જ ઢળી પડયા હતા અને બન્નેના કરૂણ મૃત્યુ નીપજ્યા હતા. આ ઉપરાંત તેમની સાથે જ કપડા ધોઈ રહેલા અન્ય બે શ્રમિકો ગોપાલ ડાવર (ઉ.વ. ૩૦) તેમજ મહેતાબ ડાવર (ઉ.વ. ૩૬) પણ આકાશી વીજળીની ઝપટેઆવીને દાઝી ગયા હોવાથી બંનેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં બંનેની હાલત સ્થિર હોવાનું તબીબી સુત્રોએ જણાવ્યું હતું. આ ઉપરાંત બે પરપ્રાંતીય શ્રમિકો કે જેઓના મૃત્યુ થયા હતા, જે મૃતદેહોને લાલપુરની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા બાદ પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. જયાં પોલીસ દ્વારા પંચનામુ સહિતની કાર્યવાહી કરવામાં આવી હતી.

## ઉનાના નવાબંદર મરીન પોલીસ સ્ટેશનમાં મોહરમના તહેવાર નિમિત્તે શાંતિ સમિતિની બેઠક યોજાઈ



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના નવાબંદર મરીન પોલીસ સ્ટેશનમાં મોહરમ નિમિત્તે શાંતિ સમિતિની બેઠક યોજાઈ જેમાં મોહરમનો તહેવાર ચાલી રહ્યો છે જેને લઈને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે હિન્દુ મુસ્લિમ સમાજના આગેવાનો નવાબંદર પોલીસ સ્ટેશનને ઉપસ્થિત રહ્યા હતા નવાબંદર મરીન પોલીસ સ્ટેશનના પીએસઆઇ ઝાલા સાહેબના અધ્યક્ષ સ્થાને આ શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી જેમાં હિન્દુ સમાજના આગેવાન અને નવાબંદરના ઉપસરપંચ તેમજ અને અન્ય હિન્દુ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા ત્યારે મુસ્લિમ સમાજના આગેવાન અને નાલીયા માંડવી ગામના સરપંચના પ્રતિનિધિ રફીકભાઈ સુમરા નવાબંદર મુસ્લિમ સમાજના આગેવાન સીદીભાઈ અન્ય મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને આ શાંતિ સમિતિની બેઠક પૂર્ણ કરવામાં આવી હતી.

## તોરલ પાર્કમાં યુવતીએ બાથરૂમની બારીમાં ગળાફાંસો ખાઈ આયખું ટૂંકાવ્યુ

### આપઘાતનું કારણ અકબંધ; દરવાજો તોડીને મૃતદેહ બહાર કઢાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના યુનિવર્સિટી રોડ પર જે.કે.ચોક પાસે આવેલા તોરલ પાર્કમાં રહેતી યુવતીએ બાથરૂમમાં નાહવા ગયા બાદ બારી સાથે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં ગમગીની છ્વાઈ જવા પામી છે. આ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ, તોરલ પાર્કમાં રહેતી ફાલ્ગુનીબેન બીપીનચંદ્ર પાટડીયા (ઉ.૩૧) નામની યુવતી આજે સવારે પોતાના ઘરે બાથરૂમમાં ન્હાવા ગઈ હતી. બાદમાં ઘણો સમય થવા છતાં બહાર ન આવતાં પરિવારજનોને અજુગતુ બન્યાની શંકા જતાં તેના ભાઈએ દરવાજો તોડી જોતા યુવતી બાથરૂમમાં સિમેન્ટની બારી સાથે સાડી બાંધી ગળેફાંસો ખાધેલી હાલતમાં લટકતી મળી આવી હતી. જેથી તેને બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબે તેને જોઈ તપાસી મરણ ગયાનું જાહેર કર્યુ હતું.

આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી યુનિવર્સિટી પોલીસને જાણ કરતાં પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક ત્રણ ભાઈ બે બહેનમાં નાની અને અપરિણીત હોવાનું જાણવા મળ્યું છે. તેઓ મુળ વાંકાનેરના વતની હોવાનું અને ધંધા માટે પરિવાર સાથે રાજકોટ રહેવા આવ્યા હોવાનુ જાણવા મળ્યું છે. તેણીએ આ પગલું શા માટે ભરી લીધું તે અંગે પરિવારજનો પણ અજાણ હોય પોલીસે આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવથી સોની પરિવારમાં ગમગીની છ્વાઈ જવા પામી છે.

## ઠગાઈમાં ઝબ્બે પ. બંગાળના બે શખ્સોએ રૂ.૭.૫૦ કરોડનું ફ્રોડ આચર્યાનો ખુલાસો

### સાયબર ક્રાઈમ પોલીસે અમદાવાદમાંથી પકડ્યા, ફ્રોડના નાણાં બોગસ પેઢીના બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરતા





**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ફેક એપ્લીકેશન ડાઉનલોડ કરાવીને રૂ.૧૬.૬૭ લાખ પડાવી લેવાના બનાવમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશને પશ્ચિમ બંગાળના વતની સોવાન સુનીલકુમાર દે(ઉ.વ.૪૨) અને સોમનાથ લક્ષ્મન મન્ના (ઉ.વ.૩૩)ને અમદાવાદમાંથી પકડી લીધા છે, આ બન્ને શખ્સોએ જે બેન્ક એકાઉન્ટનો ગુનામાં ઉપયોગ કર્યો હતો એના વડે તેમણે કુલ રૂ.૭.૫૦ કરોડનું ફ્રોડ આચર્યાનો પોલીસ તપાસમાં ખુલાસો થયો છે.

ગણેશનગરમાં રહેતા રણજીતભાઈ સોલંકીએ સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ગત.તા. ૨૩/૪ના ઈન્સ્ટાગ્રામમાં શેર બજારની ટીપ્સ મેળવીને સારૂ રીટર્ન મેળવો એવી જાહેરાત ઓપન કરતા તેમાં એક નંબર આપેલા હતા, જેનું નામ સહરોન ત્રિવેદી હતું. તેણે શેર બજાર વિષે સમજાવીને એક લીંક મોકલી હતી, જે ઓપન કરતા નામની એપ્લીકેશન હતી. જેમાં જરૂરી વિગતો ભરી રજીસ્ટર કરી પ્રથમ ૪ લાખનું રોકાણ કર્યા બાદ વિવિધ સ્ટોકમાં ચીટરના કહેવાથી રૂ.૧૬.૬૭ લાખનું ઈન્વેસ્ટ કર્યું હતું. જેમાં છેતરપિંડી જણાતાં યુવકે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

આ ગુનામાં ઝડપાયેલા આરોપીઓએ એસઆર ટ્રેડિંગ નામની બોગસ પેઢી ઊભી કરીને એના કરંટ બેન્ક એકાઉન્ટનો સાયબર ફ્રોડના નાણા ટ્રાન્સફર કરવામાં ઉપયોગ કર્યો હતો.

## હરિહર ચોકમાં ચાલુ વરસાદમાં યુવાન હાથમાં છરો રાખી આંટાફેરા કરતો હોવાનો વિડીયો વાયરલ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના હરિહર ચોકમાં વરસતા વરસાદે એક યુવાન હાથમાં છરો રાખી જાહેર રોડ પર આંટાફેરા કરતા હોવાનો વિડીયો વાયરલ થયો છે. બનાવના પગલે પોલીસે વિડીયો આધારે યુવાનની શોધખોળ હાથ ધરી છે.

તાજેતરમાં જ યાજ્ઞિક રોડ પર રાત્રીના સ્કોર્પિયો કાર તેમજ અન્ય કારમાં સ્ટંટ કરી લોકોના જોખમમાં મુકનાર ચાર નબીરાઓને પોલીસસ શોધખોળ કરી દબોચી લઈ કાયદાનું ભાન કરાવ્યું હોવાની સાહી સુકાઈ નથી ત્યારે શહેરમાં વધુ એક છરો રાખી સ્ટંટ કરતો વિડીયો વાયરલ થયો છે. જેમાં શહેરના હરિહર ચોકના જાહેર રોડ પર બપોરના સમય ભારે વરસતા વરસાદમાં એક યુવાન હાથમાં છરો રાખી આંટાફેરા કરતો હોવાનો નજર પડતા રાહદારીઓ તથા આસપાસના લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. તેમજ રાહદારીઓને છરો બતાવી ટ્રાફિક કલીયર કરાવતો હોવાનો પણ નજરે પડયો હતો.બનાવના પગલે પોલીસ વિડીયો આધારે છરો લઈ આંટાફેરા કરતા યુવાનની શોધખોળ આદરી છે.

### વય નિવૃતિ કે વિદાય નહીં પણ વિદાયમાન

## સરકારી આયુર્વેદ કોલેજ અને હોસ્પિટલ, જુનાગઢની એક યાદગાર સાંજ

### વિદાય ફક્ત એક શબ્દ છે, પણ સંબંધો તો હૃદયમાં અમર રહે છે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જીવનનાવિદાય ફક્ત એક શબ્દ છે, પણ સંબંધો તો હૃદયમાં અમર રહે છે.એક અધ્યાયની સમાપ્તિ એ વિદાય નથી, પણ સ્નેહ, સંસ્મરણો અને અનુભવોનો એક ઉત્સવ છે. સરકારી આયુર્વેદ કોલેજ અને હોસ્પિટલ, જુનાગઢ ખાતે શ્રીમતી ભાવનાબેન અપારનાથીના નિવૃત્તિ પ્રસંગે આવો જ એક ભાવુક અને ગૌરવપૂર્ણ વિદાય સમારોહ આયોજિત કરવામાં આવ્યો હતો.

પ્રિન્સિપાલ ડૉ. સિદ્ધેશ સાહેબ, વાઈસ પ્રિન્સિપાલ ડૉ. બીનાબેન વંશ ,આર.એમ.ઓ. ડૉ. સંજય સર, તેમજ સમગ્ર મેડિકલ ટીમ - ડૉ. ચારુબેન, ડૉ. જોસેફ સર, ડૉ. નિલેશ સર, ડૉ. રીંકલબેન, ડૉ. અંજનાબેન, ડૉ. અગ્રાવત સર, ડૉ. જયેશ સર- અને નર્સિંગ સ્ટાફની સુમિત્રાબેન, વનિતાબેન, મનિષાબેન સહિતના ઓફિસ સ્ટાફ, ફાર્માસિસ્ટ ભાઈઓ અને સમગ્ર સંસ્થાના સભ્યોએ આ કાર્યક્રમને એક અનુભૂતિપૂર્ણ અને હૃદયસ્પર્શી પળ બનાવી દીધી.

પ્રિન્સિપાલ ડૉ. સિદ્ધેશ સાહેબ અને ડૉ. બીનાબેને ભાવનાબેનના સેવાકાળની યાદો તાજી કરી, તેમના સહયોગ અને સમર્પણને ખૂબ શબ્દોમાં વધાવી લીધું. - ભાવનાબેનના પુત્ર જનાર્દને માતાની કારકિર્દી અને સંસ્થા પ્રત્યેના સ્નેહને યાદ કરતા એક ભાવપૂર્ણ વક્તવ્ય આપ્યું.

શ્રીફળ અને ભેટની આપ-લે દ્વારા સંસ્થાએ ભારતીય સંસ્કારનું પાલન કર્યું, જેમાં છુપાયેલી શ્રદ્ધા અને આભારની લાગણી સ્પષ્ટ ઝળકી રહી હતી.

કાર્યક્રમના અંતે, મનભરપૂર વરસાદની છાંયડી નીચે સૌએ સાથે બેસીને સ્નેહભર્યું ભોજન ગ્રહણ કર્યું. જાણે કે પ્રકૃતિએ પણ આ અવસરને આશીર્વાદ આપ્યા હોય એવો અનુભવ થયો.

''વિદાય એ અંત નથી, પણ નવી શરૂઆતનો પ્રથમ પગલું છે.''

આ કાર્યક્રમ દરમિયાનની યાદો, લાગણીઓ અને આશીર્વાદો ભાવનાબેન અને સંસ્થાના દરેક સભ્યના હૃદયમાં સદાય જીવંત રહેશે.

સરકારી આયુર્વેદ કોલેજ અને હોસ્પિટલ, જુનાગઢની તરફથી ભાવનાબેનને તેમના સેવાકાળ માટે અંતર્થી આભાર અને જીવનના નવા પ્રવાસ માટે શુભેચ્છાઓ !

## રાજકોટ બન્યું ખાડાઓનું શહેરઃ તંત્ર દ્વારા રસ્તાઓ પર થીગડા મારવાનું શરૂ કરાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં મેઘરાજા મનમુકીને વરસી રહ્યા છે. પરંતુ ખાટલે જ મોટી ખોટ હોય. રાજકોટ સહિત રાજયના મોટા ભાગના શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં રસ્તાઓ પર ખાડાનું સામરાજય જોવા મળી રહ્યું છે. પ્રથમ વરસાદે જ રાજકોટ શહેરમાં તંત્રની પોલ છતી કરી છે. કોન્ટ્રાકટરો સાથે મનપાના કેટલાક કહેવાતા અધિકારીઓની મીલીભગતને કારણે દર વર્ષની જેમ આ વર્ષે પણ ફકત ચાર થી પાંચ ઇંચ વરસાદમાં જ શહેરના તમામ રાજમાર્ગો તેમજ અન્ય વિસ્તારોમાં ખાડાઓ પડી ગયા છે. રસ્તાઓ ભાંગીને ભુક્કો થયા છે. પરંતુ હર વર્ષની માફક તંત્ર દ્વારા આંખ મીચોણા કરવામાં આવી રહ્યા છે. બે દિવસ પહેલા જ સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ચેરમેન જયમીન ઠાકરે અધિકારીઓ અને કર્મચારીઓનો કલાસ લેતા આડેહાથ લઇ શહેરમાં પડેલા ખાડાઓ તાત્કાલીક ધોરણે બુરવા આદેશ કર્યો હતો. પરંતુ હજુ દિવા માથે અંધારૂ હોય તેમ મહતમ વિસ્તારમાં ખાડા જેમના તેમ છે. તંત્ર લોકોના પૈસાનો વેડફાટ કરી રહ્યું હોવાનું સ્પષ્ટ પણે જણાય રહ્યું છે. જોકે ગઇકાલથી તંત્ર જાગ્યુ હોય તેમ ડામરના રસ્તા પર થીગડા મારવાનું કામ ચાલુ કર્યુ છે.

### રાજયભરના રસ્તાઓમાં મસ મોટા ખાડાઓમાં અધિકારીની જવાબદારી ફિક્સ કરોઃ શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદિપસિંહ જાડેજા

ઉલ્લેખનીય છે કે ગઇકાલે જ અમદાવાદના મ્યુ. કમિશનર બનછાનીધીપાનીએ અધિકારીઓ તેમજ કર્મચારીઓને આદેશ કરી સ્પષ્ટ શબ્દમાં જણાવ્યું હતું કે, અમદાવાદના રસ્તા પર પડેલા ખાડા ત્રણ દિવસમાં બુરાઇ જવા જોઇએ અન્યથા ખેર નથી. બનછાનીધી પાનીની જેમ રાજકોટ મ્યુ. કમિશનર તુષાર સુમેરા કયારે ઘોર નિદ્રામાંથી જાગશે. કયારેક કોઇ મોટો અકસ્માત કોઇનો જાન લેશે ત્યારે જ તંત્ર સફાળુ ઉઠશે કે કેમ તેવો પ્રશ્ન લોકોમાં ચર્ચાઇ રહ્યો છે.

આ અંગે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદિપસિંહ જાડેજાની જણાવ્યું હતું કે, રાજ્યભરમાં પ્રથમ વરસાદે વિકાસની પોલ ખોલી નાખી છે. અને રાજ્યના નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે, જિલ્લા પંચાયત ચોક હસ્તકના રસ્તાઓ ભાંગીને ભૂક્કો થયા છે. રાજ્યભરમાં મસ મોટા ખાડાઓના કારણે વરસાદી પાણી ભરાયેલા હોય આ પ્રકારના ખાડાઓ વાહન ચાલકોને અને ખાસ કરીને રાત્રિના સમયે ટુ-વ્હીલર ચાલકોને નજરમાં આવતા નથી અને જે પગલે રાજ્યભરમાં પ્રાણ ઘાતક અકસ્માતોમાં કોઈકનો લાડકવાયો કે કોઈકનો કંધોતર છીનવાયો હોવાનું રાજ્ય સરકારના રેકોર્ડ પર પણ છે. ત્યારે રાજ્યભરમાં જ્યારે કેમેરાથી સામાન્ય પ્રજાના ચલણ ઈશ્યૂ કરી કરોડો રૂપિયાના ઉઘરાણા કરવામાં આવે છે ત્યારે એ જ કેમેરાથી પ્રાણ ઘાતક અકસ્માતો માટે નિમિત બનતા અને મસ મોટા ખાડાઓ અંગે અધિકારીઓ સામે પણ દંડનીય કાર્યવાહી થવી જોઈએ લોકશાહીમાં અધિકારીઓની જવાબદારી ફિક્સ થવી જોઈએ પરંતુ ભારતમાં આવી કોઈ પરંપરા નથી આ કારણે ભ્રષ્ટાચારી કોન્ટ્રાક્ટરોથી માંડી અધિકારીઓ બધા મોજથી ફરે છે અને અબજોના ટેક્સ ભરતા નાગરિકો ખાડામાં ગરક થાય છે. અધિકારીની જવાબદારી ફિક્સ કરવા અને ખાડા હોય તો તે અંગે અધિકારીઓ સામે FIR કરવા રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદિપસિંહજી જાડેજાએ લેખીત રજૂઆત કરી છે.

ખાડામાં નેશનલ હાઈવે કે સ્ટેટ હાઈવે માં ખાડાઓમાં ગરક થઈ જવાના પગલે કોઈકનું મૃત્યુ થયું છે ત્યારબાદ અધિકારીઓ સામે સાપરધ મનુષ્યવધનો ગુનો દાખલ કરવામાં આવે છે પરંતુ જ્યારે ખાડાઓ મોં ફાડીને બેઠા હોય ત્યારે કોઈ જાતની પોલીસ તંત્રની કે જવાબદાર તંત્રના અધિકારીઓ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી અધિકારીઓ અને પદાધિકારીઓ કોન્ટ્રાક્ટરની મિલીભગતથી ભ્રષ્ટાચાર ના પગલે રાજ્યના રસ્તાઓ બિસ્કીટ ની જેમ ભાંગી ગયા છે. જે પગલે વાહન ચાલકો ને વાહનો ભાંગી જાય છે અને કમરના મણકા તૂટી જાય એ પ્રકારના ખાડાઓ પડી ગયા છે ત્યારે રાજ્યમાં અમારી જાણ મુજબ ૧૧ હજાર કરોડના રસ્તાઓ બનાવ્યા છે અને ૧૯ હજાર કરોડ રૂપિયા ટોલ ટેક્સ પેટે સરકારે ગુજરાતના નાગરિકોના ખિસ્સા ખંખેરી લીધા છે અને તેમ છતાં હજુ અમદાવાદ હાઈવે ઉપર વધુ ટોલનાકા ઉભા કરી લૂંટવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. મહાનગરપાલિકાઓમાં પણ રાજ્ય સરકાર કરોડો રૂપિયા આપતી હોવાના દાવાઓ વચ્ચે મહાનગરપાલિકાના રસ્તાઓ પણ ભાંગીને ભૂકકો થયા છે તમામ રસ્તાઓની તાત્કાલિક મરામત કરવા માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ અને જવાબદાર અધિકારીઓને રાજ્યના મુખ્યમંત્રી દ્વારા આદેશ કરવામાં આવે છે પરંતુ કોન્ટ્રાક્ટરો બ્લેક લિસ્ટ થયા છે, કામો સમય મર્યાદામાં કરતા નથી. શાસક પક્ષના મળતીયાઓ કોન્ટ્રાક્ટરો અધિકારીઓનું માનતા નથી.

## દર શનિવારે 'બેગલેસ ડે જાહેર કરતી સરકાર, રાજ્યમાં ૬૫૦૦ કરતાં વધુ શાળામાં મેદાન જ નથી, ત્યાં શું કરશે? : CYSS

### વિદ્યાર્થીઓનો એક દિવસ માટે દફતરનો ભાર ઉતર્યો, ત્યારે પ્રાઈવેટ શાળાની તોતિંગ ફીનો ભાર વાલીઓનો ક્યારે ઓછો કરાશે?: સુરજ બગડા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં દર શનિવારે 'બેગલેસ ડે' એટલે કે તે દિવસે બાળકોને ભણવા સિવાયની રમત ગમત, સંગીત વગેરે ઈત્તર પ્રવૃત્તિઓ કરાવી અને વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય, તે માટેની જાહેરાત કરતો પરિપત્ર કરવામાં આવ્યો. જે ભાર વિનાના ભણતર તરફ સારું પગલું છે, પરંતુ રાજ્ય સરકારે એ પણ જોવું જોઈએ કે, રાજ્યની ઘણી પ્રાથમિક શાળાઓમાં રમતનું મેદાન જ નથી. તો વિદ્યાર્થીઓને રમતગમતની પ્રવૃત્તિ કરાવાશે કેમ?

છાત્ર યુવા સંઘર્ષ સમિતિ પ્રદેશ ઉપપ્રમુખ સુરજ બગડાએ કહ્યું કે, પ્રાથમિક શાળાઓમાં દર શનિવારે બેગલેસ ડે' ની જાહેરાત ખૂબ સારી બાબત છે, પરંતુ શું આવું ૧૦૦% અમલીકરણ કરાવવું શક્ય છે? ના નથી. કારણ કે, મળતી માહિતી મુજબ રાજ્યમાં આશરે ૬૫૦૦ કરતાં વધુ શાળાઓમાં રમતગમત માટેનું મેદાન જ નથી, તે વિદ્યાર્થીઓને શનિવારે શારીરિક- ઈત્તર પ્રવૃત્તિઓ કરાવાશે ક્યાં? રાજ્યમાં સંગીત, વ્યાયામ, ચિત્ર, કમ્પ્યુટર સહિતના આશરે ૩૫૦૦૦ કરતાં વધુ શિક્ષકોની ઘટ છે, ત્યારે શિક્ષકોની અછત સામે આવી પ્રવૃત્તિઓ સારી રીતે થઈ શકે? આ 'બેગલેસ ડે' ની પ્રવૃત્તિનું કાયમી માટે પાલન થશે કે કેમ, તે પણ પ્રશ્ન છે, કારણકે સરકાર દ્વારા જાહેર કરેલ જાહેર રજાનું પાલન ઘણીવાર જિલ્લા શિક્ષણ અધિકારી કરાવી નથી શકતા, તો ત્યારે જે શાળા આ 'બેગલેસ ડે' નો અમલ નહીં કરાવે તેની સામે પગલાં લેવામાં પણ માત્ર નોટીસો આપી, સંતોષ માનશે.

# નારીને સક્ષમ બનાવવા રાજ્યસરકારે આરોગ્ય, શિક્ષણ સહિતની અનેકવિધ સરકારી યોજનાઓ અમલીકૃત કરી છેઃ કુંવરજીભાઈ બાવળિયા

## જસદણ ખાતે ''નારી સંમેલન'' યોજાયું - લાભાર્થીઓને ટી.એચ.આર. કીટ, વ્હાલી દીકરી યોજનાના હુકમ પત્ર અને વિવિધ ક્ષેત્રે સિદ્ધિ મેળવેલ મહિલાઓને પ્રમાણપત્ર એનાયત કરાયા






**મુખ્ય સમાચાર, રાજકોટ**

જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઇ બાવળિયાના અધ્યક્ષસ્થાને અને જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણીની ઉપસ્થિતિમાં જસદણના કમળાપુર રોડ સ્થિત સ્પોર્ટસ સંકુલ ખાતે ''નારી સંમેલન'' યોજાયું હતું.

ગુજરાત રાજ્ય મહિલા આયોગ અને બાળ વિકાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ નારી સંમેલનમાં આશરે ૩૦૦ મહિલાઓને નારી અદાલત અંગેની સમજ, જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા ઘરેલું હિંસા અધિનિયમ ૨૦૦૫, કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી નિવારણ અધિનિયમ અને મહિલા સુરક્ષા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત, ૧૮૧ મહિલા અભયમ સ્ટાફ દ્વારા ૧૮૧ અભયમ ડેમો, મહિલા આઈ.ટી.આઈ. પ્રિન્સિપાલશ્રી દ્વારા મહિલા આઈ.ટી.આઈ. અંતર્ગત ચાલતા વિવિધ કોર્સ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ તકે મંત્રી કુંવરજીભાઇ બાવળિયાએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, નારી સક્ષમ, સબળ અને સશક્ત બને તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આજના નારી સંમેલનનું આયોજન જસદણ અને વીંછિયાનીની બહેનોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાની માહિતી અને લાભ આપવા માટે કરવામાં આવ્યું છે. તંદુરસ્ત પરિવાર અને તંદુરસ્ત સમાજ માટે જસદણ અને વિંછીયાની મહિલાઓને આરોગ્યને લગતી તમામ સુવિધાઓ મળી તે માટે અદ્યતન મકાનયુક્ત આરોગ્ય કેન્દ્રમાં દવાઓ અને જરૂરી સાધનોની વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. કન્યા કેળવણીને પ્રાધાન્ય આપવા રાજ્યના છેવાડાના વિસ્તારોમાં રહેતી દીકરીઓનું શિક્ષણ ન છૂટે તે માટે સીમ શાળા શરૂ કરવામાં આવી છે, જેમાં રાજ્યની સૌથી વધુ સીમ શાળા જસદણ અને વિંછીયા તાલુકામાં છે. તેમજ દીકરીઓના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી હાઈસ્કૂલમાં વધુને વધુ સારી સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છીએ કે, ઉચ્ચ અભ્યાસ માટે સરકારી કોલેજની પણ શરૂઆત કરાઈ છે. મહિલાઓને આત્મનિર્ભર બનવા અને પોતાના કૌશલ્યને ખીલવવા જસદણ અને વિંછીયા આઈ.ટી.આઈ. માં વિવિધ કોર્સ ચલાવવામાં આવે છે. અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે છ કરોડથી વધુના ખર્ચે વિંછીયા ખાતે લાઇબ્રેરીની સુવિધા ઉભી કરવામાં આવી છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ જણાવ્યું હતું કે, સ્ત્રી જગદંબા સ્વરૂપા છે, સ્ત્રીઓ પોતાની અંદર રહેલી અનેરી શક્તિઓને ખીલવીને આત્મનિર્ભર બનવા તરફનો અભિગમ અપનાવી સમાજમાં અનન્ય યોગદાન આપી રહી છે. સમાજમાં એક મહિલાની પ્રગતિ અનેક મહિલાઓ માટે પ્રેરણારૂપ બને છે. દીકરીઓની ઉન્નતિ માટે દીકરીના જન્મથી પરણવા સુધીની સફરમાં સરકારની અનેક યોજનાઓ અમલી કરાઇ છે.

કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોએ દીપ પ્રાગટ્યથી કરી હતી. તાલુકાની બાળાઓએ સાંસ્કૃતિક કૃતિ રજૂ કરી હતી. જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારી જનકસિંહ ગોહિલે શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ, નીતાબેન ગઢાદરા અને સોનલબેન વસાણીએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. કાર્યક્રમના અંતે મંત્રી દ્વારા ૨૫ જેટલા લાભાર્થીઓને ટી. એચ.આર. કીટ, વ્હાલી દીકરી યોજનાના મંજૂરી હુકમ પત્ર અને વિવિધ ક્ષેત્રે સિદ્ધિ મેળવેલ મહિલાઓને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા.

આ કાર્યક્રમમાં અગ્રણી હિતેશભાઈ વોરા, હંસાબેન રાદડિયા, ગીતાબેન ચૌહાણ, મનીષાબેન રાવલ, કાજલબેન ધોળકિયા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ઈલાબેન ગોહિલ, સમાજ સુરક્ષા અધિકારી પ્રાર્થનાબેન શેરસીયા, વિંછીયા મામલતદાર આઈ.જી.ઝાલા સહિત બહોળી સંખ્યામાં મહિલાઓ અને કિશોરીઓ ઉપસ્થિત રહી હતી.

# સીટી સમાચાર

## ૪ જુલાઈ ના રોજ વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી ૩ ડેમુ ટ્રેનો રદ

ટેકનિકલ કારણોસર, ૦૪-૦૭-૨૦૨૫ ના રોજ વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી ત્રણ ડેમુ ટ્રેનો રદ કરવામાં આવી છે. (૧) ટ્રેન સંખ્યા ૭૯૪૪૭ વાંકાનેર-મોરબી ડેમુ (પ્રસ્થાન સમય ૧૯૦૦ વાગ્યે) રદ. (૨) ટ્રેન સંખ્યા ૭૯૪૪૮ મોરબી-વાંકાનેર ડેમુ (પ્રસ્થાન સમય ૨૦૦૦ વાગ્યે) રદ. (૩) ટ્રેન સંખ્યા ૭૯૪૫૧ વાંકાનેર-મોરબી ડેમુ (પ્રસ્થાન સમય ૨૧૩૦ વાગ્યે) રદ.

## સ્પા/ મસાજ પાર્લરોના કર્મચારીની માહિતી પોલીસમાં આપવા આદેશ

રાજકોટ શહેરના રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારમાં સ્પા કે મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા દ્રવ્યોનું સેવન, દેહ વ્યાપાર તેમજ અન્ય ગેરકાયદેસર પ્રવૃતિઓ થતી અટકે તેમજ જાહેર સલામતી અને શાંતિ જળવાઈ રહે તે હેતુથી રાજકોટ શહેર પોલીસ કમિશનરશ્રી બ્રજેશ કુમાર ઝાએ કેટલાક આદેશો કરેલ છે, જે મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવેલ તમામ સ્પા/મસાજ પાર્લરના માલિકો અથવા સંચાલકોએ તેમના એકમનું નામ, માલિક કે સંચાલકનું નામ, ફોટો અને નંબર ઓળખના પુરાવા સાથે, તેમના કર્મચારીઓની સંખ્યા, નામ, સરનામું, મૂળ વતનનું સરનામું, ફોટોગ્રાફ, ઓળખના પુરાવા, વિદેશી કર્મચારી હોય તો વિઝા અને પાસપોર્ટની સમગ્ર વિગત પ્રમાણિત કરીને જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં જમા કરાવી સહી સિક્કા કરાવાના રહેશે. આ અંગેનું રજિસ્ટર સંબંધિત પોલીસ સ્ટેશનમાં નિભાવવામાં આવશે. તા. ૩૧/૦૮/૨૦૨૫ સુધી અમલમાં રહેનારા આ આદેશોનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

## અપહ્યત સગીરાની ભાળ આપવા અંગે

રાજકોટ શહેરમાં મવડી વિસ્તારમાં મધુરમ સોસાયટી ખાતે રહેતા હસમુખભાઈ સોલંકીની સગીર વયની પુત્રીને અજાણ્યો ઇસમ ગત તા. ૧૧ મે, ૨૦૨૫ના રોજ સાંજના ૭ કલાકે અપહરણ કરી ગયો હતો. અપહ્યત સગીરા વિશે જાણકારી મળે તો મો.નં. ૬૩૫૯૬ ૨૯૯૦૨ પર સંપર્ક કરવા માલવિયાનગર પોલીસ મથકની યાદીમાં જણાવાયું છે.

## આજી-૨ ડેમના હેઠવાસના ગામોને સાવચેત રહેવા સૂચના

રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકા પાસે આવેલા આજી-૨ ડેમના દરવાજા સાંજે ૫ વાગ્યે બે મીટર ખોલવામાં આવેલ છે, જળાશયનું હાલનું લેવલ ૭૨.૭૧ મીટર છે. આથી રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના અડબાલકા, બાગી, દહીસરડા, ડુંગરકા, ગઢડા, હરીપર, ખંડેરી, નારણકા, સખપર અને ઉકરડા ગામના લોકોને તાત્કાલિક સલામત સ્થળે ખસી જવા રાજકોટ જિલ્લા ફલડ કંટ્રોલ યુનિટની યાદીમાં જણાવ્યું છે.

## બોરવેલ અંગેના નિયંત્રણો જારી

ખુલ્લા બોરને કારણે રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારની હદમાં બનતા જીવલેણ અકસ્માતો અટકાવવા રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ નીચે મુજબના આદેશો તા. ૩૧/૦૮/૨૦૨૫ સુધી જારી કર્યા છે. જે અનુસાર જે તે વિસ્તારમાં બોરવેલ બનાવતા પહેલા સંબંધિત વિભાગની મંજૂરી મેળવેલ છે તે અંગેની જાણ જમીન માલિક/બોર માલિક તથા બોર બનાવતી એજન્સીએ સંબંધિત પોલીસ સ્ટેશનના થાણા અધિકારીને કરવાની રહેશે, બોરવેલ બનાવ્યા બાદ કોઈ જાનહાનિ ન થાય અથવા બોરવેલમાં કોઈ બાળક કે અન્ય વ્યક્તિ કે જાનવર પડી ન જાય તેમજ અકસ્માત ન સર્જાય તે અંગે બોરવેલને ફરતી મજબૂત ફેન્સીંગ વાડ/દિવાલ કરાવવાની રહેશે અને તે અંગેની ખાતરી સંબંધિત પોલીસ સ્ટેશનના થાણા અધિકારીને કરાવવાની રહેશે, જૂના, બંધ પડેલ તથા અવાવરૂ પરિસ્થિતિ હોય તેવા બોરવેલના જમીન માલિકોએ બોરવેલની પાઈપલાઇન બંધ કરવા તમામ કાળજી રાખવાની રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# વાહનોની લે-વેચ કરતા વેપારીઓને તમામ વિગતો સાથેનું રજીસ્ટર નિભાવવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં જાહેર વ્યવસ્થા, શાંતિ, સલામતી અને દેશની સુરક્ષા માટે વાહન વેચનારાનાઓ માટે રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ નીચે મુજબના આદેશો જારી કર્યા છે.

જે અન્વયે રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં વાહન વેચનાર દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે-જ્યારે જુના વાહન વેચવામાં આવે ત્યારે વાહન ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે ખરીદીનું બીલ, વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ચૂંટણી કાર્ડ, રેશનકાર્ડ, આધારકાર્ડ કે નોકરી કરતાં હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવાં કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્ય, સાંસદસભ્ય, કોઇપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારી તરફથી મેળવેલ ઓળખપત્ર, પ્રમાણપત્ર પૈકી કોઇ પણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી વાહન વેચાણ કરનારે મેળવી તેનો રેકર્ડ નિભાવવાનો રહેશે.

તદુપરાંત વેચાણ બીલમાં ખરીદનારનું પુરૂ નામ-સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર, વાહનનો પ્રકાર, વાહનનો એન્જીન નંબર, (ફ્રેમ ચેસીસ નંબર લખવો આવશ્યક છે) સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર, ફોર વ્હીલર તથા ભારે વાહનોના વેચાણ અંગેના રેકર્ડ ચકાસણી માટે વેચાણકર્તા પાસે કોઈપણ પોલીસ અધિકારી/પોલીસ કર્મચારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે જરૂરી વિગતો મુજબની માહિતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાના રહેશે. આ આદેશનો અમલ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા. ૩૧/૦૮/૨૦૨૫ સુધી કરવાનો રહેશે. જેનો ભંગ કરનાર વ્યક્તિ શિક્ષાને પાત્ર થશે.

# મહોરમના તહેવાર નિમિત્તે તાજિયાના જુલૂસ માટે ૫ અને ૬ જુલાઈએ નિર્ધારિત કરાયેલ વાહન વ્યવસ્થા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી તાજીયા મહોરમના તહેવાર તેમજ જૂલુસ વખતે રાજકોટમાં કાયદો-વ્યવસ્થાનું નિયમન અને ટ્રાફિક સંચાલન સરળતાથી થઈ શકે તે માટે, રાજકોટ શહેર પોલીસ કમિશનર શ્રી બ્રજેશ કુમાર ઝાએ નીચે મુજબ રસ્તાઓ બંધ કરવા આદેશો જારી કર્યા છે.

૮૦ ફુટ સોરઠીયા-વે બ્રીજથી જીલ્લા ગાર્ડન ચોક, રામનાથપરા મેઈન રોડ, ગરુડ ગરબી ચોકથી વિરાણી વાડી કોઠારીયા નાકા પોલીસ ચોકી સુધી તેમજ ભાવનગર રોડ પાંજળાપોળ ટી ચોકથી ગરૂડ ગરબી ચોક અને ગઢવીરાંગ ભીચરીનાકાથી ગરુડ ગરબી ચોક સુધી તમામ વાહનો માટે પ્રવેશ-બંધ તથા નો-પાર્કીંગ જાહેર કરવામાં આવે છે.

કોઠારીયા નાકા પોલીસ ચોકીથી પેલેસરોડ, ગુંદાવાડી પોલીસ ચોકીથી કેનાલ રોડ જીલ્લા ગાર્ડન ચોક સુધી અને દરબારગઢથી સોની બજાર રોડ, કોઠારીયા પોલીસ ચોકી સુધી તથા ગુજરી બજાર એ-વન હોટલ ચોકથી કોઠારીયા પોલીસ ચોકી સુધી, ભુપેન્દ્ર રોડ દિવાન પરા પોલીસ ચોકીથી પેલેસ રોડને મળે ત્યાં સુધી ભુપેન્દ્રરોડ/પેલેસ રોડ ટી પોઇન્ટ સુધી તેમજ ચુનારાવાડ બેઠા પુલના ખુણેથી રામનાથપરા પોલીસ લાઈનના ઝાપા સુધી તમામ વાહનો માટે પ્રવેશ-બંધ તથા નો-પાર્કીંગ જાહેર કરવામાં આવે છે.

ઉપરાંત, રૈયા ચોકડીથી આમ્રપાલી અંડર બ્રીજ સુધી તથા કિશાનપરા ચોક, જીલ્લા પંચાયત ચોક, ફુલછાબ ચોક, ભીલવાસ ચોક, મોટીટાકી ચોક, લીંમડા ચોક, એસ.બી.આઈ. ચોક, જયુબેલી ચોક, હરીહર ચોક સદર પોલીસ ચોકીથી, સદર બજાર ફુલછાબ ચોક સુધીના રોડ ઉપર તાજીયાઓના પસાર થવાના સમયે તમામ વાહનો માટે પ્રવેશ-બંધ તથા નો-પાર્કીંગ જાહેર કરવામાં આવે છે. અને મહીલા અંડર બ્રીજથી કિશનપરા ચોક સુધી ઉપર તાજીયાઓના પસાર થવાના સમયે તમામ વાહનો માટે પ્રવેશ-બંધ તથા નો-પાર્કીંગ જાહેર કરવામાં આવે છે અને તમામ વાહનો ટાગોર રોડથી જઈ શકશે. અરવિંદભાઇ મણીયાર હોલથી જ્યુબિલી ચોક સુધી તાજીયાઓના પસાર થવાના સમયે તમામ વાહનો માટે પ્રવેશ-બંધ જાહેર કરવામાં આવે છે.

આમ, ઉપર મુજબના રસ્તાઓ તા.૦૫/૦૭/૨૫ના રોજ રાત્રે ૮ વાગ્યાથી તા.૦૬/૦૭/૨૫ના ૫ કલાક તથા તા.૦૬/૦૭/૨૫ના બપોરના ૧૨ કલાકથી રાત્રે ૧૨ કલાક સુધી તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે અને પાર્કિંગ માટે પ્રતિબંધિત કરવામાં આવે છે. તેમજ સદર બજારમાં જરૂરીયાત મુજબ વાહન વ્યવહાર બંધ કરવામાં આવશે.

# ભયજનક જળાશયો, તળાવ, નહેરમાં પ્રતિબંધ હુકમ જારી કરાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેંટ વિસ્તારમાં આવેલ ભયનજક જળાશયોમાં (નદી, તળાવ, નહેર, દરીયા) કોઈપણ વ્યક્તિઓ/પ્રવાસીઓએ નહાવા તથા ભારે ભીડ થવા પર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા પ્રતિબંધ જાહેર કરાયો છે. જે ૩૧ ઓગસ્ટ સુધી અમલમાં રહેશે.

જેમાં આજી નદીનો કાંઠો નવયુગપરા ઘાંચીવાડ સ્મશાનથી કેસરી હિંદ પુલ સુધી, લાલપરી તળાવ, સંત કબીર ટેકરી પાસે,આજી નદીનો કાંઠો, ભગવતી પરા, આજી નદીનો કાંઠો, બેડીપરા, આજીડેમનો પૂર્વ બાજુનો કાંઠો, ભાવનગર હાઇ-વે રોડ સાઇડ, ખોખડદળ નદી, ખોખડદળ ગામ, રાંદરડા તળાવ, જુના માર્કેટીંગ યાર્ડ પાસે, જામનગર રોડ, ઇશ્વરીયા પાર્ક ખાતે આવેલ તળાવ,અટલ સરોવર, ન્યુ ૧૫૦ ફુટ રીંગ રોડ, પરશુરામ મંદીર પાછળનું તળાવ, ન્યુ ૧૫૦ ફુટ રીંગ રોડ, યુનિર્વસીટી કેમ્પસ, મેલડી માતાના મંદીરની સામેનુ તળાવ, યુનિર્વસીટી ચાર રસ્તા, પ્રશીલ પાર્કની પાછળનું તળાવ, વેજાગામ પાસે આવેલ તળાવ તથા રૈયા ગામ તળાવમા કોઈપણ વ્યક્તિઓ/પ્રવાસીઓએ નહાવા પર તથા ભારે ભીડ થવા પર પ્રતિબંધ મુકાયો છે.

# સરધારમાં બેન્ક ઓફ ઇન્ડિયા ખાતે નાણાકીય સમાવેશન કેમ્પ યોજાયો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

તાજેતરમાં ગુજરાત સરકારે '૦૩ મહિના નાણાકીય સમાવેશનનું સંતૃપ્તિ અભિયાન' શરુ કર્યું છે. જે અન્વયે રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશની સૂચના પ્રમાણે રાજકોટ તાલુકાના સરધાર ગામમાં બેન્ક ઓફ ઇન્ડિયાની બ્રાન્ચ ખાતે ગત તા. ૦૧ જુલાઈના રોજ નાણાકીય સમાવેશન કેમ્પ યોજાયો હતો. જેમાં 'પ્રધાનમંત્રી જનધન યોજના' અંતર્ગત ૦૫ ફોર્મ, 'પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના' અંતર્ગત ૦૫ ફોર્મ, 'પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના' અંતર્ગત ૧૦ ફોર્મ અને 'અટલ પેન્શન યોજના' અંતર્ગત ૦૩ ફોર્મ ભરાયા હતાં. તેમજ ઉપસ્થિતોને નાણાકીય સમાવેશન સંબંધિત વિવિધ યોજનાઓની જાણકારી અપાઈ હતી. આ કાર્યક્રમનો આશરે ૧૫ જેટલા લોકોએ લાભ લીધો હતો. આ તકે સરપંચ પીન્ટુભાઈ ઢાંકેચા, બી.ઓ.આઇ. બ્રાન્ચ મેનેજર ગયેલ.

# સરગમ ક્લબ દ્વારા હરિદ્વારમાં અસ્થિનું પૂજન કરાયું




### સરગમ ક્લબ દ્વારા ૨૫૦૦ અસ્થિઓનું વિસર્જન કર્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ કલબના ઉપક્રમે હરિદ્વાર મુકામે ગંગાઘાટ ઉપર હરકીપોડી અસ્થીઘાટ ઉપર રામનાથપરા મુક્તિધામમાં તારીખ ૦૧/૦૧/૨૦૨૫થી ૧૫/૦૬/૨૦૨૫ સુધીના લાકડા વિભાગ તેમજ વિદ્યુત વિભાગના કુલ ૨૫૦૦ વ્યક્તિના અગ્નિદાહ અપાયેલ તે તમામ ના તારીખ ૦૩/૦૭/૨૦૨૫ ના રોજ સવારના ગંગા નદીમાં સરગમ પરિવાર ના લોકો એ દરેક ના વ્યક્તિગત નામ લઈ અસ્થી પધરાવેલ ત્યારબાદ ત્યાં સાધુ સંતો ને ભોજન તેમજ ચા પીવડાવેલ. તેમજ ગંગા નદી માં સ્નાન કરીને પૂણ્ય પ્રાપ્ત કરેલ આ માટે સરગમ કલબ નાં કમિટી મેમ્બરો પોતાના સ્વખર્ચે અસ્થી વિસર્જન કરવા ગયેલ.

ગુજરાત પુર્વ મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી ના પણ સરગમ ક્લબના હોદેદારો એ બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રો વિધીથી અસ્થિનું પુજન કરીને ગંગા ઘાટમાં અસ્થિ પધરાવેલ વિજયભાઈ રૂપાણી ગુણવંતભાઈ ડેલાવાળાના વર્ષોથી મિત્ર હતા અને સરગમ પરીવારના માર્ગદર્શન હતા.

આ સેવાકીય કામ માટે ગુણવંતભાઈ ડેલાવાળા માર્ગદર્શન હેઠળ કમિટી મેમ્બર ની ટીમ રમેશભાઈ અકબરી, નરેન્દ્રભાઈ આડેશરા, કનૈયાલાલ ગજેરા, ડો પંકજભાઈ રાઠોડ, જયસુખભાઈ ડાભી, સુરેશભાઈ દેત્રોજા, દીપકભાઈ શાહ, હરેશભાઈ શાહ, રાજેન્દ્રભાઈ શેઠ, ઉપસ્થિત રહેલ અને સાધુઓને કરાવેલ. આ તમામ મેમ્બરો હરિદ્વારમાં અસ્થી પૂજન સેવા કાર્યમાં સહયોગ આપેલ.

# ગુજરાતમાં ડુંગળીનું ઉત્પાદન કરતા ખેડૂતોના હિતમાં રાજ્ય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણયઃ વિજયભાઈ કોરાટ

### ગુજરાતના ખેડૂતો વતી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો પ્રદેશ કિસાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટે આભાર વ્યક્ત કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતમાં ડુંગળી પકવતા ખેડૂતોના હિતમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ અને ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે. બજારમાં ડુંગળીના ભાવ ઓછા હોવાથી ડુંગળી પકવતા ખેડૂતોને આર્થિક સહાય પૂરી પાડવા રાજ્ય સરકાર દ્વારા આવા ખેડૂતોને રૂ. ૨૦૦ પ્રતિ કિવન્ટલની સહાય રૂ. ૫૦,૦૦૦ની મર્યાદામાં પૂરી પાડવામાં આવશે.

પ્રદેશ કિસાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટએ આ મહત્વપૂર્ણ નિર્ણય અંગે વધુમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪-૨૫ રવિ સિઝન દરમિયાન ગુજરાતમાં ડુંગળીનું આશરે ૯૩,૫૦૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું હતું, જે સામાન્ય વાવેતર વિસ્તારની સાપેક્ષે વધુ હોવાથી રાજ્યમાં ડુંગળીનું ઉત્પાદન પણ અંદાજિત ૨૪૮.૭૦ લાખ ક્વિન્ટલ જેટલુ નોંધાયું છે.

વિજયભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, પુષ્કળ ઉત્પાદનના પરિણામે APMCમાં ડુંગળીની આવક વધુ થતા લાલ અને સફેદ ડુંગળીના ભાવ રાજ્યની મુખ્ય APMCમાં ઉત્પાદન ખર્ચ કરતાં પણ ઓછા જોવા મળ્યા હતા. આવા સમયે રાજ્યના ખેડૂતોને સહાયરૂપ થવા માટે ભારત સરકારની માર્કેટ ઇન્ટરવેન્સન સ્કીમ (MIS) હેઠળ પ્રાઈઝ ડેફિશિયન્સી પેમેન્ટ યોજના અંતર્ગત આર્થિક સહાય આપવામાં આવશે.

ગત તા. ૦૧ એપ્રિલથી તા. ૩૧ મે, ૨૦૨૫ દરમિયાન ડુંગળીનું APMCમાં વેચાણ કર્યું હોય, તેવા ખેડૂતોને રૂ. ૨૦૦ પ્રતિ ક્વિન્ટલ સહાય આપવામાં આવશે. આ ખેડૂતોને મહત્તમ ૨૫,૦૦૦ કિલો (૨૫૦ ક્વિન્ટલ) ડુંગળીના વેચાણ સુધી એટલે કે મહત્તમ રૂ. ૫૦,૦૦૦ સુધીની સહાય મળવાપાત્ર રહેશે. આ આર્થિક સહાય માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૧૨૪.૩૬ કરોડ જેટલી માતબર રકમની જોગવાઈ કરવા આવી છે. જેનો રાજ્યના આશરે ૯૦,૦૦૦ જેટલા ખેડૂતોને લાભ મળશે. ડુંગળીના બજારમાં પોષણક્ષમ ભાવ ન મળતા રાજ્યના ખેડૂતો અને ખેડૂત સંગઠનો દ્વારા આર્થિક સહાય પૂરી પાડવા માટે રાજ્ય સરકારને રજૂઆતો કરવામાં આવી હતી. ખેડૂતોની આ રજૂઆતોને હકારાત્મક પ્રતિસાદ આપીને રાજ્ય સરકારે ડુંગળી પકવતા ખેડૂતોને આર્થિક સહાય પુરી પાડવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

રાજ્યના ડુંગળી પકવતા ખેડૂતોએ આ યોજના હેઠળ લાભ મેળવવા માટે આઇ-ખેડૂત ૨.૦ પોર્ટલ પર આવતીકાલ તા. ૦૧ જુલાઈથી આગામી તા. ૧૫ જુલાઈ સુધીમાં ઓનલાઇન અરજી કરવાની રહેશે. ખેડૂતોને સહાયરૂપ થવા માટેની આ યોજનાનો અમલ કૃષિ વિભાગ હેઠળની બાગાયત નિયામકની કચેરી દ્વારા કરવામાં આવશે.

આ ખેડૂત હિતલક્ષી નિર્ણય બદલ પ્રદેશ કિસાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટએ ખેડૂતો વતી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ તથા નાણા મંત્રી કનુભાઈ દેસાઈનો આભાર વ્યક્ત કર્યો હતો.

# બાલાજી હોલ પાસે નવનિર્મિત બિલ્ડીંગમાંથી અકસ્માતે પટકાયેલા શ્રમિકનું મોત

### ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવેલા યુવકને સારવારમાં ખસેડાયો પણ જીવ ન બચ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બાલાજી હોલ પાસે નવી બનતી બિલ્ડીંગમાંથી પડી જતાં પરપ્રાંતિય શ્રમિક યુવાનનું મોત નિપજ્યું હતું. બનાવની જાણ થતાં પોલીસે ઘટના સ્થળે દોડી જઈ વધુ તપાસ હાથ ધરી છે

જાણવા મળતી વિગત મુજબ, મુળ યુપીનો વતની અને છ વર્ષથી રાજકોટમાં રહી ફર્નિચર કામ કરતો શહાબુદ્દીન સિરાજદીન (ઉ.૨૨) નામનો યુવાન બાલાજી હોલ પાસે નવી બનતી આલાપ એમ અલ્ટોસા બિલ્ડીંગમાં આઠમાં માળે ફર્નિચૂર કામ રાખ્યું હોવાથી કામ કરતો હતો. દરમિયાન આજે સવારે આઠ વાગ્યાના અરસામાં બિલ્ડીંગના પાછળના ભાગેથી ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ સારવાર મળે તે પહેલા જ તેનું મોત નિપજ્યું હતુ. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી તાલુકા પોલીસને જાણ કરતાં પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં મૃતક બે બહેનનો એકનો એક ભાઈ હોવાનું જાણવા મળ્યું છે. બિલ્ડીંગ ઉપરથી પડી જવાથી ઈજા થતાં મોત નિપજ્યાનું અનુમાન સેવાઈ રહ્યું છે.

# આજી નદીમાં યુવક ડૂબી જતાં મોતઃ મૃતદેહ મળ્યો

### મૃતક અજાણ્યા યુવાનની ઓળખ મેળવવા વાલી વારસની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ભગવતીપરા રેલવે બ્રીજ નીચેથી અજાણ્યા યુવાનની લાશ મળી આવી હતી. બનાવની જાણ થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતકની ઓળખ મેળવવા વાલી વારસની શોધખોળ હાથ ધરી છે. પીએમ રિપોર્ટમાં મૃતક યુવાનનું ડૂબી જવાથી મોત નિપજ્યાનું ખુલવા પામ્યું છે.

જાણવા મળતી વિગત મુજબ ભગવતીપરા રેલવે પુલ નીચે આજી નદીના પટમાં અજાણ્યો યુવાન (ઉ.આ.૩૫)ની લાશ પડી હોવાનું જાણ થતાં સ્થાનિક લોકો એકઠા થયા હતાં. બનાવ અંગે પોલીસ કંટ્રોલમાં જાણ કરવામાં આવતાં બી-ડીવીઝન પોલીસ મથકના એએસઆઈ જયપાલસિંહ ઝાલા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. મૃતકના બન્ને હાથ ઉપર સુરજદાદા, નાગદાદા, કિશન ત્રોફાવેલું છે. પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પી.એમ.અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો અને મૃતકની ઓળખ મેળવવા વાલી વારસની શોધખોળ હાથ ધરવામાં આવી છે. જો કોઈ વાલી વારસ હોય તો બી ડીવીઝન પોલીસ મથકનો સંપર્ક કરવા જણાવાયું છે. મૃતદેહનો પીએમ કરવામાં આવતાં યુવાનનું પાણીમાં ડૂબી જવાથી મોત નિપજ્યાનો તબીબો દ્વારા અભિપ્રાય આપવામાં આવ્યો છે. મૃતક કંઈ રીતે ડૂબી ગયો તે તેની ઓળખ મળ્યા બાદ જ બહાર આવશે. હાલ પોલીસે ઓળખ મેળવવા તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ચોરીના ગુન્હામાં સીકલીગર ગેંગના બે શખ્સો પાસામાં જામનગર-પોરબંદર જેલમાં ધકેલાયા
















### અનેક ગુન્હામાં નાસતા ફરતા રાજકોટના બે નામચીન બુટલેગર ઝડપાયાઃ વાહન ચોરી કરનાર બે શખ્સોને પોલીસે દબોચી લીધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત ગુજરાતભરમાં કુખ્યાત બનેલી સીકલીગર ગેંગના બે સાગરીકોને માલવીયાનગર પોલીસે દબોચી લઇ પાસામાં જામનગર-પોરબંદર જેલમાં ધકેલી દીધા છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની સુચનાથી શરીર સંબંધિ ગુન્હાની ટેવ ધરાવતા આરોપીઓને અટકાવી અંકુશમાં લાવવી શરીરસંબંધિ ગુન્હા અટકે તે અંગે પાસાની દરખાસ્ત તૈયાર કરી આરોપીઓનો ગુન્હાહીત ઈતિહાસ ચેક કરી રાજકોટ પોલીસે ગુન્હેગારો સામે પાસાનું શસ્ત્ર ઉગામ્યું છે ત્યારે માલવીયાનગર મથકના પીઆઇ જે.આર.દેસાઇની સુચનાથી પીએસઆઇ એમ.જે.ધાંધલ, એએસઆઇ શૈલેષભાઇ, હિરેનભાઇ, હેડ કોન્સ. મહેશભાઇ, કોન્સ. ભાવેશભાઇ સહિતના સ્ટાફે અગાઉ રાજકોટ સહિત ગુજરાતભરમાં ચોરી કરતી કુખ્યાત ગેંગ સીકલીગરના સાગરીક પોપટસિંગ ગોકુલસિંગ પટવા (રહે. સીગલ ફરીયું, ગોદી રોડ, રેલ્વે સ્ટેશન પાછળ, દાહોદ) અને શેરસિંગ સુનિલસિંગ પટવા સહિત બે નામચીન તસ્કરોને દબોચી લઇ તેની પાસાની દરખાસ્ત તૈયાર કરી પીસીબી શાખાને મોકલાવતા ઇન્ચાર્જ પીઆઇ એમ.આર.ગોંડલીયા, એએસઆઇ રાજુભાઇ, હેડ કોન્સ. ઇન્દ્રજીતસિંહ સહિતના સ્ટાફે પાસાના કાગળો તૈયાર કરી અને તેના પર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ મહોર લગાડી દેતા આ સીકલીગર ગેંગના સાગરીક પોપટસિંગ અને શેરસિંગને જામનગર અને પોરબંદર જેલમાં પાસામાં ધકેલી દેવામાં આવ્યા છે.

જયારે રાજકોટ શહેર અને જીલ્લામાં અનેકવાર મોટાપાયે વિદેશી દારૂનો ધંધો કરનાર અને ઘણા લાંબા સમયથી પોલીસથી નાસતાફરતા રાજકોટનો નામચીન બુટલેગર ધવલ રસીક સાવલીયા (રહે. કોઠારીયા મેઇન રોડ, મુળ ગામ નાગરકા તાલુકો ગોંડલ) અને હાર્દિક અશોક જોગરાજીયા (રહે. માંડા ડુંગર પાસે મહિકા ગામ, પીઠડઆઇ સોસાયટી) નામના બન્ને બુટલેગરોને ગ્રામ્ય એલસીબીના પીઆઇ વી.વી.ઓડેદરા, એએસઆઇ એચ.સી.ગોહિલ સહિતના સ્ટાફે દબોચી લઇ વધુ તપાસ શરૂ કરી છે.

બીજા બનાવમાં ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઇ આર.એચ.ઝાલા અને તેની ટીમના માણસો વિસ્તારમાં નાસતાફરતા આરોપીઓને શોધવા પેટ્રોલિંગમાં હતા ત્યારે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર પુનિતનગરના ટાંકા પાસે ચોરાઉ બાઇક સાથે ભાવેશ દિપક જોબનપુત્રા (રહે. કર્મ રેસીડન્સી, લોધીકા રોડ, શાપર-વેરાવળ)ને દબોચી લઇ રૂ.૨૫ હજારનું ચોરાઉ બાઇક કબ્જે કરી વધુ પુછપરછ કરતા માલવીયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં અને ગોંડલ રેલ્વે સ્ટેશન પાસેથી બે બાઇક ચોરી કર્યાની કબુલાત આપી હતી.

જયારે ક્રાઇમ બ્રાન્ચના હેડ કોન્સ. કિશનભાઇ, સંજયભાઇ, મહાવીરસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે જામનગર રોડ પર ભુતનાથ મહાદેવ મંદિર પાસેથી વિવેક વિનુ રાઠોક (રહે. શીંગાળા પ્લોટ, શેરી નં.૩ સંકબીર રોડ) નામના વાહનચોરને દબોચી લઇ ૧.૪૦ લાખની કિંમતના બે વાહનો કબ્જે કર્યા હતા.

# ગોંડલના જસમતનગરમાં રૂ.૨.૬૦ લાખનો વિદેશી દારૂ-બિયર ભરેલી કાર ઝડપાઇ

### ભોજપરા ચોકડી પાસે હાઇવે પર પાનની દુકાનમાં ચોરી કરનાર તસ્કરની ધરપકડ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ શહેરમાં પેટ્રોલિંગ દરમ્યાન ગ્રામ્ય એલસીબીની ટીમે જસમતનગર વિસ્તારમાં રૂ.૨.૬૦ લાખનો દારૂ-બિયરનો જથ્થો ભરેલી રેનોલ્ટ કાર ઝડપી લઇ નંબર વગરની કારના ચેચીસ નંબરના આધારે પોલીસે માલિકની શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની મહિતી મુજબ ગ્રામ્ય એલસીબીના પીઆઇ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઇ એચ.સી.ગોહિલ સહિતનો સ્ટાફ ગોંડલના વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે હકિકત મળી હતી કે, ગોંડલ ગુંદાળા રોડ પર જસમતનગરની સાર્વજનીક જગ્યામાં રેનોલ્ટ સિલ્વર કલરની કાર રેઢી પડી હોવાની હકિકતના આધારે પોલીસે ઉપરોકત સ્થળે દોડીજઇ ખરાઇ કરતા કારમાંથી વિદેશી દારૂની નાની-મોટી બોટલ ૨૯૯ કિંમત ૫૪૫૦૦ તથા બિયર નંગ ૪૮૦ કિંમત ૧,૦૫,૬૦૦ મળી કાર સહિત રૂ.૨.૬૦નો મુદ્દામાલ કબ્જે કરી નંબર વગરની કારના ચેચીસ નંબરના આધારે માલિકની શોધખોળ શરૂ કરી છે.

બીજા બનાવમાં ગોંડલ તાલુકા પોલીસના પીઆઇ એ.ડી.પરમારની સુચનાથી એએસઆઇ કે.એ.પરમાર, આર.એમ.સરવૈયા, આર.એચ.બહોરા, કોન્સ. રણજીતભાઇ ધાંધલ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે ખાનગી રાહે હકિકત મળી હતી કે રીબડાથી ગુંદાસરા જવાના રસ્તે એક શંકાસ્પદ વ્યકિત ઓટો રીક્ષામાં ચોરીનો મુદ્દામાલ રાખી ઉભો હોવાનું હકિકતના આધારે પોલીસે ઉપરોકત સ્થળે દોડી જઇ ઓટો રીક્ષા નંબર જીજે૦૩એયુ૧૯૧૧માં સુલ્તાન મહેબુબ ચૌહાણ (રહે. નાનામૌવા સર્કલ, આરએમસી કવાર્ટર, રાજકોટ)ની ધરપકડ કરી રીક્ષામાં હવા ભરવાનું કુલર મશીન સહિત મુદ્દામાલ કબ્જે કરી પુછપરછ કરતા આઠ દિવસ પહેલા ભોજપરા ચોકડી પાસે હાઇવે પર આવેલ રામદેવ પાન નામની દુકાનમાં ચોરી કરી હોવાની કબુલાત આપતા પોલીસે રીક્ષા સહિત ૩૮૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સરધારના વેપારી પર હુમલો કરનાર આરોપીનું સરઘસ કાઢવાની માંગ

### વેપારીએ કાર સળગાવી દીધાની વળતી ફરિયાદ, ગ્રામજનોની પોલીસ કમિશનરને રજૂઆત કરી અચોક્કસ મુદ્દતના આંદોલનની આપી ચીમકી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ભાવનગર હાઈવે પર આવેલા સરધાર ગામમા થોડા દિવસ પહેલા આટકોટનાં માથાભારે સીકંદર -જુમાભાઈ સાંધ અને તેન પુત્ર અરશદ સીકંદર સાંધ દ્વારા વેપારીએ ટાવર ઉધાર ન આપતા વેપારી પર હુમલો કર્યો હતો. હુમલાખોર બંને શખ્સો વિરુદ્ધ વેપારી મયુરભાઈએ આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આ ઘટનામા પોલીસ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં ન આવતા સરધાર ગામ રોષ પુર્ણ જડબેસલાખ બંધ રહ્યું હતુ. બંને આરોપીઓ ગુનો કર્યા બાદ જૂનાગઢ અને ત્યાંથી કોડીનાર જતાં રહ્યા હતાં. કોડીનારથી ભાગી જવાની ફિરાકમાં હતા પરંતુ તે પહેલા જ આજી ડેમ પોલીસે ઝડપી લીધા હતાં.

આ ઘટનામાં સરધારના વેપારીઓ અને ગ્રામજનો આજે પોલીસ કમિશનર કચેરીએ સીપી બ્રજેસ ઝાને રજૂઆત કરવા દોડી આવ્યા હતા જેમાં ગ્રામજનો દ્વારા કહેવામાં આવ્યું હતું કે આરોપીઓ માથાભારે અને કુખ્યાત હોય તેની સામે કડક પગલાં લેવા જોઈએ જે પોલીસ દ્વારા લેવામાં આવ્યા નથી.

આરોપીઓનું સરધાર ગામમાં સરઘસ કાઢવામાં આવે અને પાસા જેવી કડક કાર્યવાહી કરી તેમને જેલમાં ધકેલવામાં આવે તેમજ આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવામાં નહીં આવે તો જિલ્લા અને તાલુકા સ્તરે આવેદનો આપવામાં આવશે અને ગ્રામજનો દ્વારા અચોક્કસ મુદતનું આંદોલન કરી ગામ બંધ પાડશે.

વધુ માં સરધાર ગામે ટાયર બાબતે ટાયર અને ઓટો મોબાઈલની દુકાન ધરાવતા વેપારી મયુરભાઈ વસોયા સાથે બોલાચાલી કરી મારકૂટ કરી છરી બતાવી મારવા દોડયાની ઘટના બાદ ભાગી ગયેલાં આરોપી સિકંદર જુમ્માભાઈ સાંધ (ઉ.વ.૪૮) અને તેના પુત્ર અર્શદ (ઉ.વ.૨૩, રહે. બંને આટકોટ)ને પોલીસે ઝડપી લીધા હતા. ધરપકડ બાદ મુખ્ય આરોપી સિકંદરે પોતાની કાર સળગાવી દેવા અંગે વળતી ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે તેને આટકોટમાં ગેરેજ છે. સરધારમાં તેના વેવાઈ અબ્બાસભાઈ સાથે ભાગીદારીમાં ચિકનની દુકાન ચલાવે છે. ગઈ તા.૨૬ના રોજ બંને પુત્રો સાથે રાજકોટમાં નવી કાર જોવા આવી રહ્યા હતા. કાર મિત્ર અનિલ ધ્રાંગાની હતી. સરધાર ગામે ટાયર બદલવા બાબતે માથાકૂટ થતાં વેપારી મયુરે ઉશ્કેરાઈ જઈ ગાળો ભાંડી હતી. જેથી તેના પુત્રએ તેને ધોલધપાટ કરી હતી.એટલું જ નહીં તેને ડરાવવા માટે કારમાંથી છરી કાઢી હતી. તે વખતે મયુરે તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેની દુકાને માણસો ભેગા થઈ જતાં તે પુત્ર સાથે ભાગી નજીકમાં આવેલા કબ્રસ્તાન પાસે છુપાઈ ગયા હતા. ત્યાર પછી મયુર, તેના ભાઈ પંકજ અને બે અજાણ્યા શખ્સોએ તેની પોલો કારને ધકકો મારી, દુકાનની સામેની કબ્રસ્તાનની દિવાલ પાસે લઈ ગયા હતા. આ પછી મયુરે તેની કાર પર જવલનશીલ પ્રવાહી છાંટી સળગાવી દીધી હતી. આજી ડેમ પોલીસે આ ફરિયાદના આધારે મયુર, તેના ભાઈ અને બે અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કર્યો છે.

# અકસ્માતમાં કાર ટોટલ લોસ કેસમાં વીમા કંપનીએ ગ્રાહકને ૧૬ લાખ ચુકવવા પડશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મેઘપર ગામ નજીક અકસ્માત સર્જાતા કાર ટોટલ લોસ થવા પામી હતી. જે અંગે ગ્રાહક આયોગમાં ચાલતી તકરારમાં આયોગે બજાજ આલિયાન્ઝ જનરલ ઈન્સ્યોરન્સને રૂ.૧૬ લાખ ચૂકવવા આદેશ આપ્યો છે.

વિગતો મુજબ, ગત તા. ૧૦/૧૨/૨૦૨૨ના ફરિયાદી કિશનભાઈ સાંગાણી પોતાની હ્યુન્ડાઈ સાન્ટા ફે કાર (.-૦૧--૮૦૦૧) રાજકોટથી મોટા વડાળા ગામ તરફ જઈ રહ્યા હતા. મેઘપર ગામથી લગભગ ૨ કિ.મી. પહેલાં અને નિકાવા ગામ પાસે, સામેથી આવતી ટ્રકની ફુલ લાઈટને કારણે તેમની આંખો અંજાઈ ગઈ. પરિણામે રસ્તો ન દેખાતાં તેઓએ કાર ડાબી બાજુ લેવાનો પ્રયાસ કર્યો, પરંતુ કાર પુલ સાથે અથડાઈ અને નીચે પડી ગઈ.

આ અકસ્માતમાં કારને ટોટલ લોસ થયું હતું. ફરિયાદીની કારનો



અજય કે. જોષી

બજાજ આલિયાન્ઝ જનરલ ઈન્સ્યોરન્સમાં પ્રાઈવેટ કાર પેકેજ પોલિસી હેઠળ વીમો હતો, જેમાં ટોટલ લોસના કિસ્સામાં રૂ.૧૫,૯૦,૦૦૦ સુધીનું કવરેજ હતું.

ફરિયાદીએ ક્લેઈમ નોંધાવ્યો પરંતુ કંપનીએ પોલિસીની શરતોનું ઉલ્લંઘન થયું હોવાનું કારણ આપી ક્લેઈમ નામંજૂર કરતા ગ્રાહક આયોગમાં ફરિયાદ કરવામાં આવી હતી.

જેમાં ફરિયાદીના એડવોકેટ દલીલો કરી કે, અકસ્માત સમયે ફરિયાદીને ઈજાઓ થઈ હતી અને વીમા પોલિસીની શરતો મુજબ કંપની રકમ ચૂકવવા જવાબદાર છે. કંપનીએ ઓન ડેમેજ પ્રીમિયમ લીધું હોવાથી ક્લેઈમ ચૂકવવો ફરજિયાત હતું. ફરિયાદીએ રાજ્ય અને રાષ્ટ્રીય આયોગના અગાઉના ચુકાદાઓ રજૂ કર્યા, જેમાં સ્પષ્ટ હતું કે કંપનીએ ક્લેઈમ નામંજૂર કરવાનું કોઈ નક્કર કારણ પુરાવા સાથે આપ્યું નથી.

બંને પક્ષકારોની દલીલો ધ્યાને લઈને આયોગે ફરિયાદીની દલીલોને માન્ય રાખી અને બજાજ આલિયાન્ઝ જનરલ ઈન્સ્યોરન્સને વ્યાજ અને અન્ય ખર્ચ સહિત કુલ રૂ.૧૬ લાખની રકમ ચૂકવવા આદેશ આપ્યો હતો.

આ કેસમાં ફરિયાદી વતી એડવોકેટ અજય કે. જોષી, પ્રદીપ આર. પરમાર, વિશાલ દક્ષિણી, દુર્ગેશ જોષી, અક્ષય સાંકળીયા તેમજ મદદનીશ તરીકે રિદ્ધિ શ્રીમાળી અને નંદન ઝાપડા રોકાયેલા હતા.

# સોની વેપારીના ઘરેણા સેલ્સમેન ઓળવી ગયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૫૦ ફૂટ રિંગરોડ પર ઋષિકેશ એક્સોટીકા ફ્લેટ નં.૧૦૦૧માં રહેતા સોની વેપારી રમેશચંદ્ર નારણદાસ પાલા (ઉ.વ.૬૫) સાથે તેમની દુકાનમાં જ કામ કરતા સેલ્સમેન માધવદાસ જેન્તીલાલ ફિચડિયા (રહે.ઓમપાર્ક, મોરબી રોડ)એ દુકાનેથી વેપારીને વેચવા આપેલા ઘરેણા બારોબાર વેચી નાખી ૪,૫૦,૫૦૦ રૂપિયાની ઠગાઈ કર્યાની પોલીસ ફરિયાદ એ-ડિવિઝન પોલીસ મથકે નોંધાઈ છે.

ફરિયાદની વિગતો મુજબ રમેશચંદ્રભાઈને ભુપેન્દ્ર રોડ પર યોગી કોમ્પ્લેક્સમાં શ્રીજી ઓર્નામેન્ટ નામે દુકાન ધરાવે છે. આરોપી માધવદાસ દુકાન પર નવ વર્ષથી સેલ્સમેન તરીકે નોકરી કરે છે. દુકાન પર ચાંદીના ઘરેણા બનાવવામાં આવે છે અને એ ઘરેણા સૌરાષ્ટ્રમાં અન્ય શહેરો, તાલુકામાં સપ્લાય કરવા વેચવાનું કામકાજ થાય છે. પાંચ માસ પહેલાં તા.૨૬-૧ના રોજ સેલ્સમેન માધવદાસ ૪,૫૦,૫૦૦ની કિંમતના ચાંદીના ઘરેણા લઈને ટૂરમાં વેપારી પાસે જવાનું કહીને નીકળ્યો હતો.

ઘરેણા અમરેલી ઈન્દિરા માર્કેટમાં બાલમુકુંદ જ્વેલર્સમાં આપ્યાનું અને એક માસ બાદ પેમેન્ટ આવશે તેવું જણાવ્યું હતું. એક માસ વિત્યે પેમેન્ટ ન આવતા બહાનું બતાવ્યું કે હજુ એકાદ માસ થશે. ત્યારબાદ માધવદાસ બીમાર પડ્યો હતો જેથી વેપારીએ અમરેલીના વેપારી સાથે સંપર્ક સાધતા ખ્યાલ આવ્યો કે સેલ્સમેન માધવદાસે આવા કોઈ ઘરેણા ત્યાં દુકાને આપ્યા નથી જેથી માધવદાસને વેપારીએ પૂછતા એવું કહ્યું કે મેં કોઈ દાગીના ત્યાં વેચ્યા નથી, મારા કામમાં વાપરી નાખ્યા છે, અત્યારે પૈસા નથી, થશે ત્યારે આપીશ, બાકી તમો તમારા પૈસા ભુલી જજો. સમય વિત્યે નાણાં કે ઘરેણા ન આવતા અંતે છેતરાયેલા વૃધ્ધ વેપારી રમેશચંદ્રભાઈ પાલાએ એ-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

# જિલ્લામાં સાંથણીની ૯૫% જમીન જુની શરતમાં ફેરવાઇ

### ઝડપી કામગીરીનો સ્પષ્ટ સંદેશ આપતા નવનિયુક્ત જિલ્લા કલેકટર, મહેસુલ વિભાગના તા.૮ એપ્રિલના ઠરાવ મુજબ ૧૦૯૬૩માંથી ૧૦૩૬૯ પ્રકરણનો નિકાલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં નવી શરતની જમીન સુઓમોટો કાર્યવાહી કરી જૂની શરતમાં ફેરવવા કરેલા આદેશ અન્વયે રાજકોટ જિલ્લામાં ૯૫ ટકા કામગર્ગીરી પૂર્ણ કરી લેવામાં આવી હોવાનું નવનિયુક્ત જિલ્લા કલેકટર ડો. ઓમપ્રકાશે જાહેર કર્યું હતું. જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, મહેસુલ વિભાગના તા.૮ એપ્રિલના ઠરાવ મુજબ ૧૦૯૬૩ પૈકી ૧૦૩૬૯ પ્રકરણનો નિકાલ કરવામાં આવ્યો છે.



ત્વરિત નિર્ણય લેવામાં માહિર જીલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશે રાજકોટમાં ચાર્જ સંભાળ્યાના એક જ અઠવાડિયામાં ઝડપી કામગીરીનું ઉદાહરણ આપી વર્ષોથી અટવાયેલી નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવાની કામગીરી તાબડતોબ કરાવતા મહેસુલ વિભાગના તા.૮ એપ્રિલ ૨૦૨૪ના ઠરાવ મુજબ રાજકોટ જીલ્લામાં ૧૦૯૬૩માંથી ૧૦૩૬૯ સાંથણીની જમીનો જૂની શરતમાં ફેરવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હોવાનું તેમને જણાવ્યું હતું.

વધુમાં છેલ્લા પાંચેક દિવસમાં તમામ તાલુકા મામલતદારોને ઝડપી કામગીરી કરવા સૂચના આપવામાં આવતા હાલમાં રાજકોટ તાલુકા વિસ્તારમાં આવેલ જમીનોને બાદ કરતા મોટાભાગની જમીન જૂની શરતમાં ફેરવી દેવામાં આવી હોવાનું તેમને ઉમેર્યુ હતું.

ઉલ્લેખનીય છે કે, મે મહિનામાં રેવન્યુ ઓફિસરનો મિટિંગ દરમિયાન રાજકોટ જિલ્લામાં સાંથણીમાં ફાળવવામાં આવેલ ૧૫૦૦૦ થી વધુ જમીનો જૂની શર્તમાં ફેરવવાની બાકી હતી જે પૈકી સુઓમોટો કામગીરી કરી જિલ્લા કલેકટરની સૂચના બાદ તમામ મામલતદારોએ હાલમાં સ્થળ ફેરના વિવાદને બાદ કરતા મોટાભાગની જમીનોને જૂની શરતમાં ફેરવવા હુકમ કરતા સમગ્ર જિલ્લામાં રાજકોટ જિલ્લો ટોપટેનમાં સામેલ થયો હોવાનું જિલ્લા કલેકટર ડો.ઓમપ્રકાશે જણાવ્યું હતું.

# નિવૃત્ત બેંક કર્મચારીનું મકાન ભાડુઆતે પચાવી લેતા લેન્ડગ્રેબિંગની ફરિયાદ

### રૈયા ટેલિફોન એક્સચેન્જ પાછળ બે માળના મકાનમાંથી બીજો માળ ભાડે આપ્યા બાદ ભાડુઆતે હાથ ઉંચા કરી દેતાં લેન્ડગ્રેબિંગ હેઠળ નોંધાયો ગુનો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૈયા ટેલિફોન એક્સચેન્જ પાછળ મોમ્બાસા એવન્યુમાં 'કાંચ' નામના મકાનમાં રહેતાં નિવૃત્તિ બેન્કર્સને પોતાના મકાનનો એક માળ ભાડે આપવો ભારે પડી ગયો હોય તેવી રીતે ભાડુઆતે મકાન ખાલી કરવા તેમજ ભાડું આપવામાં હાથ ઉંચા કરી દેતાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

દિલીપભાઈ સોમનાથભાઈ ભટ્ટ (ઉ.વ.૬૮)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેમણે ઉપરોક્ત સરનામે બે માળનું મકાન બનાવ્યું હતું જેમાં બીજો ખાલી રહેતો હોય વેરની બાજુ આપી રહુકાન પર દરમિયાન જમીન-મકાનની દલાલી કરતાં પ્રકાશભાઈ વાળંદ મારફતે તેમણે જ જાન્યુઆરી-૨૦૨૩માં ગોવિંદ અજાભાઈ ખેરને બીજો માળ માસિક રૂા.૮૫૦૦ના ભાડે આપ્યો હતો. આ સાથે જ તેમણે ગોવિંદ સાથે ૩૦-૧૧-૨૦૨૩ સુધીનો ભાડાકરાર પણ કર્યો હતો.

દર મહિનાની એકથી પાંચ તારીખ સુધીમાં ગોવિંદ ભાડું ભરપાઈ કરતો હતો પરંતુ ઑગસ્ટ માસથી ભાડું ચૂકવવામાં દાંડાઈ શરૂ કરી હતી. ઑગસ્ટ મહિનામાં તેણે ૮૫૦૦ની જગ્યાએ ૨૫૦૦ જ ભાડું ચૂકવ્યું હતું. આ પછી એડવાન્સ ભાડું જે ચૂકવ્યું હતું તે ફેબ્રુઆરી માસના ભાડામાં ગણાવી દીધી હતી. સપ્ટેમ્બરનું ભાડું માંગતાં તેણે આવતાં મહિને બન્ને મહિનાનું ભાડું ચૂકવી દેશે તેવો વાયદો કર્યો હતો પરંતુ ઓક્ટોબરમાં પરંતુ ઓક્ટોબરમાં પણ પૂરું ભાડું ભરપાઈ કર્યું ન્હોતું જેથી મકાન ખાલી કરવાનું કહેતાં તેણે અમદાવાદનો ફ્લેટ વેચાઈ ગયા બાદ મકાન ખાલી કરી દેશે તેમ કહ્યું હતું. ૩૦ નવેમ્બરે ભાડાકરાર પૂર્ણ થતો હોય મકાન ખાલી કરવાનું કહેતાં તરેહ તરેહના બહાના કરી હજુ સુધી મકાન ખાલી ન કરતાં લેન્ડગ્રેબિંગ હેઠળ ગોવિંદ સામે ગુનો નોંધવા જિયા કલેક્ટરને અરજી કરી હતી. આ પછી અરજીમાં તથ્ય હોવાના આધારે ફરિયાદ નોંધવાનો હુકમ થતાં ગાંધીગ્રામ પોલીસે ગોવિંદ સામે ગુનો નોંધ્યો હતો.

# ડોક્ટર હોવાનું કહી યુવતીને પ્રેમજાળમાં ફસાવી શખસે દુષ્કર્મ આચર્યુ

### એકાદ વર્ષ પૂર્વે સોશ્યલ મીડીયા મારફતે મિત્રતા થઈ હતી, પોલીસે એટ્રોસિટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રહેતી યુવતિને એકાદ વર્ષ પૂર્વે ગીર સોમનાથ પંથકના શખસ સાથે સોશ્યલ મીડીયા મારફતે મિત્રતા થઈ હતી.બાદ શખસ પોતાની ઓળખ તબીબ તરીકે આપી પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યા બાદ જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી ધમકી આપી હોવાની તેણીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી છે.

આ અંગેની માહિતી મુજબ શહેરમાં રહેતી યુવતિએ માલવીયાનગર પોલીસમાં આરોપી તરીકે મૂળ ગીર સોમનાથ પંથકના હાલ રાજકોટમાં રહેતા કરણ બારડ સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે આજથી એકાદ વર્ષ પૂર્વે તેણીને સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ મારફતે કરણ સાથે મિત્રતા થઈ હતી.બાદ શખસ પોતે તબીબ હોવાનું કહી તેણી સાથે લગ્ન કરશે તેવી લાલચ આપી શરીર સંબંધ બાંધી લીધા હતા.બાદ તેણીએ લગ્નની વાત કરતા શખસે લગ્ન કરશે તેવા અવાર નવાર વાયદાઓ આપ્યા કરતો હતો.બાદ ફરિ લગ્નની વાતચીત કરતા શખસે તેણીને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી હોવાથી ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી કરણ સામે દુષ્કર્મ, એટ્રોસીટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી શોધખોળ આદરી છે.

# ટીજીએમ હોટેલ નજીક નાલામાંથી યુવાનનો કોહવાયેલો મૃતદેહ મળ્યો

### અજાણ્યા યુવકના વાલી વારસની ઓળખ અને મોતનું કારણ જાણવા પડધરી પોલીસે આદરી તપાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-જામનગર હાઈવે પર આવેલી ટીજીએમ હોટેલ નજીકના નાલામાંથી અજાણ્યા યુવાનની કોહવાયેલી, ગંધયુક્ત લાશ મળી આવતાં ચકચાર મચી ગઈ છે. બનાવની જાણ થતાં પડધરી પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને ફોરેસિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડી તેના મોતનું કારણ જાણવા અને ઓળખ મેળવવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે



આ અંગેની જાણવા મળતી વિગત મુજબ રાજકોટ-જામનગર હાઈવે પર પડધરી નજીક આવેલ ટીજીએમ હોટેલ નજીક નાલા પાસેથી એક રાહદારી પસાર થતાં હોઈ તેને દૂર્ગંધ આવતાં તપાસ કરતાં નાલામાં એક અજાણ્યા પુરૂષની લાશ જોતાં પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં પડધરી પોલીસ મથકના હેડકોન્સ.વિરેન્દ્રસિંહ ઝાલા સહિતના સ્ટાફે પહોંચી કાર્યવાહી કરી હતી. મૃતક યુવાનની ઉંમર આશરે ૩૦ થી ૩૫ વર્ષની છે. તેણે કાળુ ટ્રેક પેન્ટ, કાળો-બ્લુ શર્ટ પહેરેલો છે. તેના ડાબા હાથ પર અંગ્રેજીમાં 'યુ' ત્રોફાવેલુ છે. આ સિવાય ઓળખ થાય તેવી કોઈ ચીજવસ્તુ મળી આવી નથી. શરીર પર દેખીતી ઈજાના કોઈ નિશાન નથી. મોતનું કારણ જાણવા મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડાયો હતો. પોલીસના અનુમાન મુજબ આશરે બે ત્રણ દિવસ પહેલા મૃત્યુ થયુ હોઈ શકે છે. મૃતક કોણ છે? કઈ રીતે મોત થયું? નાલામાં કઈ રીતે પડી ગયો? તે સહિતની તપાસ પડધરી પોલીસ મથકના ઈન્સપેક્ટર એસ. એન. પરમારની રાહબરીમાં હાથ ધરાવમાં આવી છે. મૃતક યુવાન વિશે કોઈને માહિતી મળે તો પડધરી પોલીસનો સંપર્ક કરવા જણાવાયું છે.